ગુરૂવાર, 5 ફેબ્રુઆરી, 2026 મહા વદ ચોથ

“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/3 સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## એમ.એસ. યુનિવર્સિટીમાં કેન્દ્રીય બજેટ-2026 અંગે નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વક વિશ્લેષણ અને ચર્ચા

એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીના એકાઉન્ટિંગ એન્ડ ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આયોજિત 'બજેટ-2026 વિશ્લેષણ' કાર્યક્રમમાં આર્થિક નીતિઓના વિવિધ પાસાઓ પર સાર્થક ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે ફેકલ્ટીના ડીન અને વિભાગીય વડા પ્રો. પ્રજ્ઞેશ શાહના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના ચાન્સેલર રાજમાતા શુભાંગિનીરાજે ગાયકવાડ અને વાઈસ ચાન્સેલર પ્રો. ડો. ભાલચંદ્ર ભાણગે વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

ચર્ચા દરમિયાન પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય કર નિષ્ણાત મુકેશ પટેલે બજેટની કરવેરા નીતિઓ પર આકરા પ્રહારો અને પ્રશંસા બંને કર્યા હતા. તેમણે ટેક્સ સિસ્ટમને ફેસલેસ બનાવવાની દિશામાં સરકારના પગલાંને વધાવ્યા હતા, જેનાથી ભ્રષ્ટાચાર ઘટશે અને પારદર્શિતા વધશે. જોકે, તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, વ્યક્તિગત કર માળખામાં ફેરફાર ન કરવાનો નિર્ણય સામાન્ય કરદાતાઓ માટે નિરાશાજનક છે. મધ્યમ વર્ગ માટે બજેટમાં કોઈ મોટી રાહત ન હોવાનો સૂર તેમણે રજૂ કર્યો હતો.

નાણાકીય બજારના નિષ્ણાત સી.એ. જગદીશ ઠક્કરે બજેટના ઐતિહાસિક સંદર્ભો રજૂ કર્યા હતા. તેમણે તાજેતરમાં વધારવામાં આવેલા સિક્યુરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT) વિશે ઊંડી ચર્ચા કરી અને તે બજારની અસ્થિરતા પર કેવી રીતે અસર કરે છે તે સમજાવ્યું હતું. આ ઉપરાંત, તેમણે જીડીપી ગુણોત્તર અને ભારતના અર્થતંત્રમાં સોનાના ભંડારની ભૂમિકા વિશે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. શેરબજારમાં રોકાણકારોએ કયા પાસાઓ પર ધ્યાન રાખવું જોઈએ તેની વિગતવાર સમજ આપી હતી.

એક મહત્વનો મુદ્દો પૂર્વ રેવન્યુ અધિકારી સંજય સારસ્વત દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે વર્તમાન શૈક્ષણિક સ્થિતિ પર ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, યુનિવર્સિટીના સ્નાતકો પાસે ડિગ્રી તો છે પણ બજારમાં જે કૌશલ્ય જોઈએ છે તેનો અભાવ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે શિક્ષણને બજારની નવીન જરૂરિયાતો સાથે સુસંગત બનાવવું અનિવાર્ય છે અને યુવાઓએ સતત 'સ્કિલિંગ' પર ભાર આપવો જોઈએ.

આ સેમિનારે બજેટ-2026ના આંકડાઓ પાછળ છુપાયેલા આર્થિક તારણોને સામાન્ય જનતા અને શૈક્ષણિક જગત સામે સ્પષ્ટ રીતે મૂક્યા હતા. ફેકલ્ટી ઓફ કોમર્સ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો, જેનાથી શિક્ષણ અને વાસ્તવિક અર્થતંત્ર વચ્ચેના જોડાણને વધુ મજબૂત બનાવવાની દિશામાં સફળતા મળી છે.




**એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી દ્વારા સી.સી. મહેતા ઓડિટોરિયમમાં બજેટ-2026 પર વિશ્લેષણ યોજાયું હતું. જેમાં મુકેશ પટેલ સહિતના નિષ્ણાતોએ કર માળખા, શેરબજાર અને કૌશલ્ય વિકાસ જેવા મહત્વના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.**

## પાલિકાની ખોરાક તપાસ નામપૂરતી, ગંદકી પર આંખમિચોલી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અને ગંદકીનું સામ્રાજ્ય વધી રહ્યું છે, ત્યારે પાલિકાની ખોરાક શાખાની "નોટિસ-નોટિસ"ની રમત જનતા માટે જોખમી બની છે. મંગળવારે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં 22 યુનિટો પર ઇન્સ્પેક્શન કરાયું, જેમાં પામોલીન અને વેજિટેબલ ઓઈલના નમૂના તો લેવાયા, પણ પરિણામ શું? ફતેગંજ લેબોરેટરીમાં રિપોર્ટ આવે ત્યાં સુધી જનતાએ આ અશુદ્ધ તેલ ખાતા રહેવું પડશે?

માંજલપુરમાં અસ્વચ્છ હાલતમાં ફરસાણ બનાવતા એકમોને માત્ર નોટિસ આપીને ખુલ્લા છોડી દેવાયા છે. અકોટામાં 12 લારીઓ પર મરચા પાવડર અને ગ્રેવીનું ટેસ્ટિંગ કરાયું, ત્યાં પણ માત્ર 17 વેન્ડર્સને નોટિસ પકડાવી દેવાઈ. ધારાસભ્ય યોગેશ પટેલની કડક સૂચના બાદ શરૂઆતમાં જે ધાક જોવા મળી હતી, તે હવે ઓસરી ગઈ છે. છેલ્લા 3 દિવસથી અધિકારીઓ માત્ર નમૂના લઈને અને કાગળની નોટિસ આપીને પોતાની જવાબદારીમાંથી મુક્તિ મેળવી રહ્યા છે. આ કામગીરી પરથી સવાલ ઉઠે છે કે શું ભ્રષ્ટ તત્વો સાથે તંત્રની કોઈ સાંઠગાંઠ છે? કડક દંડ કે સીલ કરવાને બદલે માત્ર નોટિસ આપવી એ જનતાના સ્વાસ્થ્ય સાથે થયેલો સૌથી મોટો દ્રોહ છે.



**વડોદરા પાલિકાની ખોરાક શાખા દ્વારા માત્ર નોટિસ આપી જનતાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ગંભીર ચેડાં**

## એરબસનું વડોદરામાં મોટું કદમ: GSV ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા સ્થિત ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય (GSV) ખાતે એરબસ કંપની દ્વારા સસ્ટેનેબલ એરોસ્પેસ સંશોધન માટેના સેન્ટર ઓફ એક્સેલન્સનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં ટેક્નોલોજી અને પર્યાવરણની જાળવણી વચ્ચે સંતુલન સ્થાપિત કરવાના હેતુથી શરૂ કરાયું છે. એરબસ ઇન્ડિયા અને દક્ષિણ એશિયાના પ્રમુખ જુર્ગન વેસ્ટરમીયરે આ કેન્દ્રનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે, ભારત એરબસ માટે વ્યૂહાત્મક ભાગીદાર છે અને આ સેન્ટર દ્વારા અમે દેશમાં એક મજબૂત એરોસ્પેસ ઇકોસિસ્ટમ વિકસાવવા માંગીએ છીએ.

આ પ્રસંગે ઉપસ્થિત રાજમાતા શુભાંગીનીરાજે ગાયકવાડ અને કુલપતિ પ્રો. મનોજ ચૌધરીએ આ ભાગીદારીને આત્મનિર્ભર ભારત તરફનું એક મોટું ડગલું ગણાવ્યું હતું. આ સેન્ટર ઓફ એક્સેલન્સમાં મુખ્યત્વે 'ટકાઉ ઉડ્ડયન બળતણ' (Sustainable Aviation Fuel - SAF) પર કામ થશે, જે મ્યુનિસિપલ કચરામાંથી બનાવવામાં આવશે. આ સંશોધન ભારતને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં અને ઉડ્ડયન ક્ષેત્રે સ્વદેશી ઇંધણ વ્યવસ્થા વિકસાવવામાં મદદરૂપ થશે.

ઉલ્લેખનીય છે કે, એરબસ અને GSV વચ્ચેનો આ સહયોગ માત્ર લેબોરેટરી પૂરતો સીમિત નથી. સામાજિક જવાબદારીના ભાગરૂપે, એરબસ 45 પ્રતિભાશાળી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સંપૂર્ણ શિષ્યવૃત્તિ પ્રદાન કરી રહ્યું છે. વિશેષ રીતે, આ શિષ્યવૃત્તિમાં મહિલા સશક્તિકરણને ધ્યાનમાં રાખીને એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. વધુમાં, યુનિવર્સિટીમાં એરોસ્પેસ અભ્યાસને ઊંડાઈ આપવા માટે એરબસે 'ચેર પ્રોફેસરશીપ'ની પણ સ્થાપના કરી છે. ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય, જે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે, તે હવે વિશ્વની ટોચની કંપનીઓ સાથે મળીને શિક્ષણ અને સંશોધનનું નવું મોડેલ રજૂ કરી રહી છે. આ સેન્ટર ઓફ એક્સેલન્સ ભારતીય વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું એક્સપોઝર પૂરું પાડશે અને તેમને ભવિષ્યની અદ્યતન એરોસ્પેસ ટેક્નોલોજીના નિષ્ણાતો બનાવશે. આ ભાગીદારી આર્થિક વિકાસની સાથે સાથે પર્યાવરણીય સ્થિરતા માટે પણ ભારત માટે ગૌરવ સમાન બની રહેશે.

**વડોદરાની ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયમાં એરબસ દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર ટકાઉ ઉડ્ડયન બળતણ અને અદ્યતન એરોસ્પેસ ટેક્નોલોજી પર સંશોધન કરી ભારતના એરોસ્પેસ ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જશે.**

## વડોદરા: હોસ્ટેલમાં ખાલી બોટલ પકડતી પોલીસ, દારૂનો અડ્ડો ભૂલી ગઈ?

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સયાજીગંજ પોલીસ સ્ટેશનની કામગીરી અત્યારે શંકાના દાયરામાં છે. 'ખુદ ગબ્બર સિંહ' જેવી હાલત અહીં જોવા મળી રહી છે. થોડા દિવસ પહેલા એમ.એસ. યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલમાં પોલીસે મોટી ફોજ સાથે ત્રાટકીને માત્ર ખાલી બોટલો પકડી હતી અને મીડિયામાં મોટી વાહવાહી મેળવી હતી. પરંતુ આ કામગીરી માત્ર જનતાની આંખમાં ધૂળ નાખવા સમાન છે, કારણ કે હકીકત તો હોસ્ટેલની બહારના રસ્તા પર છતી થાય છે.

પ્રતાપગંજ યુનિવર્સિટી હોસ્ટેલ અને પૂજા હોટલની બિલકુલ સામે, લિસ્ટેડ બુટલેગર રાકેશ ઠાકોર ઉર્ફે રાકો બોસ પોતાનું ગેરકાયદે સામ્રાજ્ય ચલાવી રહ્યો છે. વિદેશી અને દેશી દારૂનો આ વેપલો એટલો સરેઆમ છે કે કોઈ પણ અજાણ્યો વ્યક્તિ પણ તે જોઈ શકે છે, સિવાય કે સયાજીગંજ પોલીસ! આંધળી બનેલી પોલીસ પાછળનું કારણ સયાજીગંજ પોલીસ સ્ટેશનના વહીવટદારની ભૂમિકા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. એવું કહેવાય છે કે આ વહીવટદારના રાકા બોસ પર ચાર-ચાર હાથ



છે. પોલીસ સ્ટેશનના હિતો સાચવતા આ વહીવટદારે બુટલેગરો પાસેથી આર્થિક હપ્તાઓ લઈને તેમને 'લાઈસન્સ ટુ ક્રાઈમ' આપી દીધું હોય તેવું જણાય છે. એક તરફ પોલીસ યુનિવર્સિટીના શૈક્ષણિક પરિસરમાં ઘૂસીને ખાલી કાચના ટુકડા જપ્ત કરીને ખુશ થાય છે, અને બીજી તરફ તે જ પરિસરની દિવાલ પાસે દારૂના અડ્ડાઓ ધમધમતા રાખે છે. આ કેવી વિરોધાભાસી નીતિ? રાકો બોસ જેવા લિસ્ટેડ ગુનેગાર સામે કાર્યવાહી કરવાને બદલે તેને રક્ષણ આપવું એ પોલીસના શપથનું અપમાન છે. વડોદરાની જનતા અને ખાસ કરીને વિદ્યાર્થીઓ હવે આ દંભી કામગીરીથી કંટાળ્યા છે. જો ઉચ્ચ અધિકારીઓ આ ભ્રષ્ટ વહીવટદાર અને બુટલેગરની ત્રિપુટીને નહીં તોડે, તો વડોદરામાં દારૂબંધી માત્ર એક જોક બનીને રહી જશે. સયાજીગંજ પોલીસની આ રહેમનજર પાછળ કેટલો મોટો વહીવટ છે, તેની તપાસ થવી અનિવાર્ય છે.

## સાવલી: આઈશર ટેમ્પોમાંથી લાખોના પ્લાસ્ટિક દાણા જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલી તાલુકામાંથી પસાર થતા લાલપુરા-સાવલી માર્ગ પર એક મહત્વપૂર્ણ કાર્યવાહી દરમિયાન લાખોની કિંમતના પ્લાસ્ટિકના દાણા ઝડપાયા છે. ચોક્કસ બાતમીના આધારે GJ 23 AT 8005 નંબરના આઇશર ટેમ્પોને રોકવામાં આવ્યો હતો. આ વાહનની તલાશી લેતા તેમાંથી પ્લાસ્ટિકના દાણાની ગુણીઓ ભરેલી મળી આવી હતી, જેના સમર્થનમાં ચાલક પાસે કોઈ પણ કાયદેસરના બિલ કે દસ્તાવેજો ઉપલબ્ધ નહોતા.

આ કાર્યવાહીમાં કુલ 16,120 કિલો પ્લાસ્ટિકના દાણા જપ્ત કરાયા છે, જેની અંદાજિત કિંમત ₹14,50,800 છે. આ સાથે પાંચ લાખ રૂપિયાની કિંમતનો ટેમ્પો પણ કબજે લેવામાં આવ્યો છે. ઝડપાયેલા મુદ્દામાલની કુલ કિંમત ₹19,50,800 થવા જાય છે. આ મામલે સાવલીના કંબોલા ગામના રહેવાસી કપિલકુમાર કુલસિંહ રાઠોડની અટકાયત કરવામાં આવી છે. હાલમાં આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કઈ જગ્યાએ પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# પારુલ યુનિવર્સિટીમાં ટેકએક્સ્પો 2026: 1000થી વધુ છાત્રોની કમાલ

## પારુલ યુનિવર્સિટી: ટેકએક્સ્પોમાં આકર્ષક ટેક પ્રોજેક્ટ્સ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વાઘોડિયા ખાતે આવેલી પારુલ યુનિવર્સિટીમાં સંશોધન અને ઇનોવેશનનો મહાકુંભ 'ટેકએક્સ્પો 2026' સફળતાપૂર્વક યોજાઈ ગયો. આ બે દિવસીય આયોજનમાં નવીનતા, સંશોધન અને ખાસ કરીને એપ્લાઇડ એન્જિનિયરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ભારતભરની વિવિધ ટેકનિકલ યુનિવર્સિટીઓમાંથી 1000થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને 250થી વધુ આકર્ષક પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. આ એક્સપોની ખાસિયત એ રહી કે અહીં માત્ર શૈક્ષણિક પ્રોજેક્ટ્સ નહીં, પરંતુ ઉદ્યોગોમાં સીધા ઉપયોગમાં લઈ શકાય તેવા પ્રોટોટાઇપ્સ પણ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે BPL મેડિકલ ટેકનોલોજીઝના CEO ગુરુસ્વામી કૃષ્ણમૂર્તિ, વિશેષ અતિથિ તરીકે SAP Labsના ડિરેક્ટર કમલ સ્ટીફન અને BPLના હેડ મનોગરન ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગ જગતના 50થી વધુ પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો, જે શૈક્ષણિક સંસ્થાઓ અને ઇન્ડસ્ટ્રી વચ્ચેના અંતરને ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. સમગ્ર ટેકએક્સ્પોમાં દક્ષ કૌશિક અને તેમની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલી સ્માર્ટ ઓટોમેટિક વ્હીલચેર સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય મોંઘી મેડિકલ ટેકનોલોજીને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો છે. દક્ષ કૌશિકે જણાવ્યું હતું કે બજારમાં ઓટોમેટિક વ્હીલચેરની કિંમત ₹5 લાખથી શરૂ થઈને ₹15 લાખ સુધી પહોંચે છે, જે મધ્યમ વર્ગ માટે અશક્ય છે. આ સમસ્યાના ઉકેલ રૂપે તેમણે માત્ર ₹40,000 થી ₹45,000માં આ વ્હીલચેર તૈયાર કરી છે. આ વ્હીલચેર વાઈફાઈ દ્વારા કંટ્રોલ કરી શકાય છે અને તેમાં દિવ્યાંગો માટે 'વોઈસ મોડ' પણ આપવામાં આવ્યો છે. સુરક્ષા માટે તેમાં જીપીએસ ટ્રેકર અને નીચે કોઈ અવરોધ આવે તો અટકી જવા માટે સેન્સર પણ લગાડવામાં આવ્યા છે.

ટેકનિકલ ઇવેન્ટ મેનેજર જય ગાંધીએ જણાવ્યું હતું કે, "અમે વિદ્યાર્થીઓને એક એવું પ્લેટફોર્મ પૂરું પાડવા માંગતા હતા જ્યાં તેઓ પોતાની સ્કિલ રજૂ કરી શકે. બહારની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ અહીં ઇનોવેટિવ પ્રોજેક્ટ્સ લઈને આવ્યા છે અને ઇન્ડસ્ટ્રી એક્સપર્ટ્સ દ્વારા દરેક પ્રોજેક્ટના પ્રતિભાવો લેવામાં આવ્યા છે." આ એક્સપોમાં પ્રોજેક્ટ્સના મૂલ્યાંકન બાદ વિજેતાઓને પ્રોત્સાહન રૂપે કુલ ₹2 લાખના ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રકારના ટેકનિકલ પ્રદર્શનો યુવા પેઢીને સ્ટાર્ટઅપ અને સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડે છે.



**વડોદરાની પારુલ યુનિવર્સિટીમાં 'ટેકએક્સ્પો 2026'નું સફળ આયોજન થયું. 1000થી વધુ વિદ્યાર્થીઓએ 250 જેટલા ઇનોવેટિવ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. આ પ્રદર્શનમાં માત્ર ₹45,000માં તૈયાર થયેલી ઓટોમેટિક વ્હીલચેર આકર્ષણનું કેન્દ્ર બની હતી.**

# વાઘોડિયા દારૂ કાંડ: 9 ડાયરીમાં કરોડોનો હિસાબ મળતા PI સસ્પેન્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના વાઘોડિયા પોલીસ સ્ટેશનની આબરૂના ધજાગરા ઉડ્યા છે. જે પોલીસ પર કાયદાના અમલની જવાબદારી છે, તે જ પોલીસ બુટલેગરો સાથે મળીને કરોડોના વહીવટમાં વ્યસ્ત હોવાનું બહાર આવ્યું છે. 9 જાન્યુઆરીની રાત્રે આનંદ નગરી વિસ્તારમાં થયેલા SMCના દરોડાએ વાઘોડિયા પોલીસની પોલ ખોલી નાખી છે. વિદેશી દારૂની 6129 બોટલો અને 10 વૈભવી વાહનો સહિત ₹41.92 લાખનો મુદ્દામાલ ઝડપાયા બાદ જે વિગતો સામે આવી છે, તે પોલીસ વિભાગ માટે કલંકરૂપ છે. તત્કાલીન PI પૃથ્વીરાજસિંહ જાડેજાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, પરંતુ આ તો માત્ર હિમશિલાની ટોચ છે. તપાસ દરમિયાન જપ્ત કરાયેલા 9 ચોપડાઓએ પોલીસ અને ગુનેગારો વચ્ચેના મધુર સંબંધોને ખુલ્લા પાડી દીધા છે. આ ડાયરીઓમાં લખાયેલા કરોડોના હિસાબો અને પોલીસકર્મીઓના મોબાઈલ નંબરો સૂચવે છે કે હપ્તાખોરીનું નેટવર્ક કેટલું ઊંડું છે. પી.આઈ. જાડેજાની બદલી પહેલા સિનોર કરવામાં આવી હતી, પણ જ્યારે આ 'ડાયરી કાંડ' રાજ્યના પોલીસ વડા સુધી પહોંચ્યો, ત્યારે સસ્પેન્શન સિવાય કોઈ વિકલ્પ બચ્યો નહોતો. કરણ બારીયા, વિનોદ વસાવા અને અલીરાજપુરના સપ્લાયરો સાથે મળીને આખું નેટવર્ક પોલીસના નાકની નીચે જ ચાલતું હતું. આ ઘટના એ પ્રશ્ન ઉભો કરે છે કે, શું એક અધિકારીના સસ્પેન્શનથી સિસ્ટમ સુધરશે? ડાયરીમાં જે બીજા પોલીસ કર્મચારીઓના નામ છે, તેમના પર ક્યારે એક્શન લેવાશે? વાઘોડિયામાં બસ સ્ટેન્ડ પાછળ સરેઆમ દારૂનું કટીંગ થતું હોય અને સ્થાનિક પોલીસને તેની ગંધ પણ ના આવે, તે વાત તંત્રની ઘોર નિષ્ફળતા અથવા તો જાણીજોઈને કરાયેલી આંખ આડા કાનની નીતિ દર્શાવે છે. પકડાયેલા 9 આરોપીઓ તો જેલ ભેગા થયા છે, પણ કાયદાના રક્ષકો જે ગુનેગારોના ભાગીદાર બન્યા છે, તેમની સામે કડકમાં કડક દાખલો બેસાડવો અનિવાર્ય છે. વાઘોડિયા કાંડ બાદ હવે ગુજરાત પોલીસના વહીવટદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

**વાઘોડિયામાં SMCના દરોડા બાદ PI સસ્પેન્ડ. 9 ડાયરીઓમાં પોલીસકર્મીઓના નંબરો અને કરોડોના હિસાબનો ઘટસ્ફોટ.**

# જાફરાબાદ: કારની અડફેટે સિંહણનું મોત, ચાલક જેલ હવાલે

**દૈનિક પલ્સ સમાચાર:** વન્યજીવ રેન્જના નાગેશ્રી બીટ હેઠળના વિસ્તારમાં એક સિંહણના અકસ્માતે મોતની ઘટના સામે આવી છે. રાજુલા-ઉના નેશનલ હાઈવે પર નાગેશ્રી ગામ પાસે ટોલ નાકા નજીક રાત્રિના સમયે આ અકસ્માત સર્જાયો હતો. ગીર સોમનાથના પણાદર ગામના વિરેન્દ્ર રાઠોડ નામના ચાલકે પોતાની કાર પૂરપાટ ઝડપે ચલાવી રોડ ક્રોસ કરી રહેલી સિંહણને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે સિંહણનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

આ મામલે શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણાના નાયબ વન સંરક્ષક યોગેશકુમાર દેસાઈ અને મદદનીશ વન સંરક્ષક વિરલસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વન વિભાગે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-1972 મુજબ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી હતી. જાફરાબાદ કોર્ટમાં રજૂ કરાયેલા આરોપીના જામીન નામંજૂર થતાં તેને જિલ્લા જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. વન વિભાગે લોકોને અપીલ કરી છે કે આ બૃહદ ગીર વિસ્તાર હોવાથી વન્યપ્રાણીઓની સુરક્ષા માટે હાઈવે પર વાહનો ધીમે ચલાવવા જોઈએ. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




# મકરપુરા: હવેલી રેસકોમ એપાર્ટમેન્ટમાં યુવતીનો આપઘાત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલ હવેલી રેસકોમ એપાર્ટમેન્ટમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીના આપઘાતથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ભૂમિ ભદાણી નામની યુવતીએ ૩૧ જાન્યુઆરીએ અચાનક ચોથા માળેથી નીચે પડતું મૂક્યું હતું. જોરદાર અવાજ આવતા સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં ભૂમિને સારવાર માટે ખસેડી હતી, પરંતુ તેને બચાવી શકાઈ નહોતી.

આ ઘટનાના ચોંકાવનારા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં આપઘાત પહેલા ભૂમિ પોતાના ફ્લેટમાંથી બહાર નીકળીને ટેરેસ તરફ જતી જોવા મળે છે. ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરી ઘરે રહેતી ભૂમિના આ નિર્ણયથી પરિવાર સ્તબ્ધ અને આઘાતમાં છે. પ્રાથમિક તપાસમાં આપઘાતનું કોઈ સ્પષ્ટ કારણ બહાર આવ્યું નથી. હાલમાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવીને આસપાસના લોકો તેમજ મિત્રોની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આશાસ્પદ દીકરીના અવસાનથી પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

# વડોદરા: જેસીબીના સૂપડામાં શ્રમિકોની જોખમી મુસાફરી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે રસ્તાઓ પર જે દ્રશ્યો જોવા મળે છે તે કાયદાની નિષ્ફળતાની ચાડી ખાય છે. વડોદરાના ખોડિયાર નગર વિસ્તારમાં જેસીબીના આગળના ભાગે લોખંડના સૂપડામાં શ્રમિકોને ભરીને જે રીતે હાઈવે પર દોડાવવામાં આવ્યું, તે જોઈને લાગે છે કે માનવ જીવની કોઈ કિંમત જ નથી. આ અકસ્માતને સીધું આમંત્રણ છે. શહેરમાં જ્યારે અકસ્માતો વધી રહ્યા છે અને પરિવારોના કુળદીપકો બુઝાઈ રહ્યા છે, ત્યારે આવા બેજવાબદાર ચાલકો સામે કડક પગલાં કેમ લેવામાં આવતા નથી?

સૌથી શરમજનક બાબત એ છે કે ટ્રાફિક પોલીસ ચોકે-ચોકે ઉભી હોવા છતાં આ જેસીબી તેમની નજરથી કેવી રીતે બચી ગયું? શું પોલીસ માત્ર સામાન્ય જનતા પાસેથી નાના-નાના દંડ વસૂલવામાં જ વ્યસ્ત છે? જેસીબી જેવું ભારે વાહન જ્યારે આ પ્રકારે શ્રમિકોને લટકાવીને પસાર થાય છે, ત્યારે તે ટ્રાફિક પોલીસ અને આરટીઓની ક્ષમતા સામે મોટા સવાલો ઉભા કરે છે. ACP દ્વારા વીડિયોના આધારે તપાસની ખાતરી અપાઈ છે, પરંતુ ભૂતકાળમાં આવી તપાસનું પરિણામ શૂન્ય આવ્યું છે. જો તંત્ર આવી ગંભીર બેદરકારી સામે લાલ આંખ નહીં કરે, તો નિર્દોષ શ્રમિકોના જીવ જોખમમાં મૂકતા આ નરાધમો ક્યારેય સુધરશે નહીં.

# ડભોઈ: ટ્રકની અડફેટે પલાસવાડાના યુવકનું કમકમાટીભર્યું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના રસ્તાઓ પર મોતનું નગ્ન નૃત્ય ચાલુ છે અને વહીવટી તંત્ર ઊંઘમાં હોય તેમ લાગે છે. ડભોઈ-વડોદરા રોડ પર બનેલી હૃદયદ્રાવક ઘટનામાં ૪૨ વર્ષીય વિરલ પટેલના મોતે સમગ્ર વિસ્તારમાં રોષ ફેલાવ્યો છે. ટ્રક ચાલકોની બેદરકારી અને સ્પીડના મોહમાં વધુ એક પરિવાર રઝળી પડ્યો છે. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકના ટાયરો યુવક પર ફરી વળતા તેનો દેહ લોહીલુહાણ થઈ ગયો હતો અને બાઈકનો લોચો વળી ગયો હતો. નકારાત્મક બાબત એ છે કે અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક નાસી છૂટવામાં સફળ રહ્યો. પોલીસ ચેકપોસ્ટ અને સીસીટીવીના મોટા દાવાઓ વચ્ચે એક ખૂની ટ્રક ચાલક ફરાર થઈ જાય તે પોલીસની કાર્યક્ષમતા સામે ગંભીર સવાલો ઉભા કરે છે. ડભોઈ રોડ પર સતત ટ્રાફિકનું ભારણ વધી રહ્યું છે, તેમ છતાં ટ્રાફિક નિયમન જેવું કઈ જોવા મળતું નથી. મૃતક યુવક ખેતીકામ પતાવી ઘરે જતો હતો ત્યારે તેને શું ખબર કે રસ્તામાં તંત્રની લાપરવાહી અને ટ્રક ચાલકનો આતંક તેની રાહ જોઈ રહ્યો છે. સયાજી હોસ્પિટલમાં પીએમ માટે મોકલાયેલા દેહને જોઈ પરિવારના આક્રંદે પથ્થર દિલના માણસને પણ હચમચાવી દીધો છે. ક્યારે અટકશે આ રક્તપાત?

# ભાજપ નેતાનો અસલી ચહેરો: 3 કરોડની છેતરપિંડીમાં પાનસુરીયા પરિવાર

**દૈનિક પલ્સ સમાચાર:** સત્તાનો નશો અને છેતરપિંડીની પરાકાષ્ઠા એટલે પાનસુરીયા પરિવારનો આ કેસ. અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સુરેશ પાનસુરીયા અને તેમના ત્રણ ભાઈઓ તથા પુત્ર રવિ સામે વડોદરામાં રૂ. 3 કરોડની છેતરપિંડીની ગંભીર ફરિયાદ નોંધાઈ છે. આ કેસ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ એક રાજકીય નેતાના પરિવારની ગુંડાકીય માનસિકતાનો પુરાવો છે. હરણી-સમા લિંક રોડ પરના અધૂરા પ્રોજેક્ટ્સને હથિયાર બનાવીને રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા ખંખેરવામાં આવ્યા છે.

ફરિયાદી દર્શિત શાહે હરણી પોલીસને જે વિગતો આપી છે તે હૃદયદ્રાવક છે. પિતાના લિવર કેન્સરની સારવાર માટે નાણાંની સખત જરૂર હોવા છતાં, આ ભાજપ નેતાએ એક રૂપિયો પણ પરત કર્યો નથી. ઉલટાનું, સત્તાના જોરે ફરિયાદીને ધમકાવ્યા કે 'તમે પોલીસ પાસે ગયા છો તો હવે જે થાય તે કરી લો.' આ પરિવાર અગાઉ પણ વિવાદોમાં રહ્યો છે. સુરેશ પાનસુરીયાનો પુત્ર રવિ અગાઉ વ્યાજખોરોના ત્રાસનું બહાનું કાઢી ગુમ થયો હતો, જે સમગ્ર મામલો શંકાના દાયરામાં હતો. આજે જ્યારે તે જ પરિવાર બીજાના કરોડો રૂપિયા પર કુંડળી મારીને બેઠો છે, ત્યારે સવાલો ઊભા થાય છે કે શું ભાજપ આવા નેતાઓને રક્ષણ આપશે? આરોપીઓએ આપેલી મિલકતો પર પહેલેથી જ બેંક લોન લેવાયેલી હતી અને ચેકો બાઉન્સ કરાવીને તેમણે ગુનાહિત ઈરાદો સાબિત કર્યો છે. ભાજપના વર્તુળોમાં પણ આ કેસને લઈને ભારે ચર્ચાઓ છે, પરંતુ હજુ સુધી પક્ષ દ્વારા કોઈ કડક પગલાં લેવાયા નથી. હરણી પોલીસે પાંચેય આરોપીઓની શોધખોળ તો શરૂ કરી છે, પણ રાજકીય દબાણ હેઠળ આ કેસ દબાઈ ન જાય તે જોવું રહ્યું. શું પોલીસ આ લિસ્ટેડ ઠગ નેતાની ધરપકડ કરવાની હિંમત બતાવશે કે પછી સામાન્ય જનતા ફરી એકવાર સત્તાના જોરે લૂંટાતી રહેશે?

**અમરેલી ભાજપના ઉપપ્રમુખ સુરેશ પાનસુરીયા અને તેના પરિવારના સભ્યોએ સત્તાના જોરે વડોદરાના વેપારી સાથે રૂ. 3 કરોડની છેતરપિંડી આચરી છે. રોકાણની લાલચ આપી નાણાં હડપ કરી લેનાર આ નેતા સામે હરણી પોલીસે ગુનો નોંધી તપાસ તેજ કરી છે.**

## વડોદરા: ₹150 ના વિવાદમાં યુવકને પેટમાં ચપ્પુ હુલાવી દીધું



**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરામાં હવે માનવ જીવની કિંમત માત્ર 150 રૂપિયા રહી ગઈ હોય તેમ લાગે છે. માંજલપુરની અમર કૃપા સોસાયટીમાં મનિષ મારવાડી નામના યુવકે પોતાના હકના પૈસા માંગતા, કાર્તિક અને તેના મળતિયાઓએ છાતી અને પેટમાં ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. ધોળા દિવસે રિક્ષામાં આવીને ગુંડાગીરી કરનારા આ તત્વોને પોલીસનો કોઈ ડર નથી, જે તંત્રની નિષ્ફળતા સાબિત કરે છે.

## દેણા બ્રિજ અકસ્માત: ટ્રકની કેબિન કાપી ચાલકને બચાવાયો



**દૈનિક પલ્સ સમાચાર:** નેશનલ હાઈવે 48 પર દેણા બ્રિજ પાસે એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. કારને બચાવવા જતા ટ્રક ચાલકે બ્રેક મારતા જ લોખંડની એંગલો કેબિનમાં ઘસી આવી હતી, જેમાં ચાલક ગંભીર રીતે ફસાઈ ગયો હતો. વડોદરા ફાયર વિભાગની બે ટીમોએ અત્યાધુનિક સાધનો વડે ટ્રકની સીટ અને સ્ટેરિંગ કાપીને એક કલાકના દિલધડક રેસ્ક્યુ બાદ ચાલકને જીવિત બહાર કાઢી સારવાર અર્થે ખસેડ્યો હતો.

## નટવરનગરના યુવકનો ખેતરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત



**દૈનિક પલ્સ સમાચાર:** સાવલીના નટવરનગર ગામમાં ૨૪ વર્ષીય યુવકે આપઘાત કરી લેતા ચકચાર મચી છે. કૌશિકભાઇ કિશોરસિંહ છાસટીયા નામનો યુવક ગણપતભાઇ વાઘેલાના ખેતરમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. યુવકના અચાનક આ પગલાંથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને આ ઘટના પાછળનું કારણ જાણવા માટે આસપાસના લોકો અને પરિવારજનોની પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# રાજકોટ: સ્પીડવેલ ચોકમાં સરાજાહેર હત્યા, કાયદો વ્યવસ્થા રામભરોસે

## સરાજાહેર હત્યાના ભયાનક સીસીટીવી, પોલીસનો ખૌફ ક્યાં?

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરના સ્પીડવેલ ચોક પાસે બનેલી કરપીણ હત્યાની ઘટનાએ સમગ્ર પંથકમાં ભય અને ચકચારનો માહોલ સર્જ્યો છે. વૃંદાવન સોસાયટીમાં રહેતા અને ફર્નિચરનું કામ કરતા નિલેશ ધોકીયાને તેના જ ઓળખીતા મહેશ જેઠવાએ મોતને ઘાટ ઉતાર્યો છે. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે બંને બાઈક પર સાથે જ આવ્યા હતા. નિલેશ જેવો પાણી પીવા ઉભો રહ્યો કે તરત જ મહેશે છરી કાઢી હુમલો કર્યો હતો. નિલેશ જમીન પર પટકાયા પછી પણ મહેશ તેને છરી મારતો રહ્યો અને લાતો પણ મારી હતી.

પોલીસ ટીમોએ સીસીટીવી અને ટેકનિકલ સોર્સના આધારે આરોપી મહેશને ગાંધીગ્રામ વિસ્તારમાંથી પકડી પાડ્યો છે. પૂછપરછમાં મહેશે જણાવ્યું કે તેની બહેન પ્રજ્ઞાને નિલેશ મેસેજ કરીને હેરાન કરતો હોવાથી તેણે આ પગલું ભર્યું હતું. આ મામલે અગાઉ પણ બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. બનાવ વખતે આસપાસની દુકાનોમાં અફરાતફરી મચી ગઈ હતી અને દુકાનદારોએ ટપોટપ શટર પાડી દીધા હતા. જોકે, બે સાહસિક યુવાનોએ આરોપીને રોકવા પ્રયાસ કર્યો હતો પણ તેઓ સફળ થયા નહોતા. નિલેશના અવસાનથી તેના 15 વર્ષના પુત્ર અને 13 વર્ષની પુત્રીએ પિતાનો સહારો ગુમાવ્યો છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ શરૂ કરી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટના સ્પીડવેલ ચોકમાં સરાજાહેર હત્યાની ઘટનાએ સુરક્ષાના દાવાઓની પોલ ખોલી નાખી છે. બહેનની છેડતીની શંકાએ મહેશ જેઠવા નામના શખ્સે નિલેશ ધોકીયા પર છરીના અનેક ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી, જે તંત્રની નિષ્ફળતા દર્શાવે છે.**

# નેશનલ હાઈવે પર ભયાનક અકસ્માત, ૩ની હાલત નાજુક

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર-સોમનાથ હાઈવે પર તળાજા પાસે સર્જાયેલો અકસ્માત તંત્રની ઘોર લાપરવાહીનું જીવતું જાગતું ઉદાહરણ છે. બે બાઈક વચ્ચેની ટક્કર એટલી ભયાનક હતી કે ચાર લોકો ગંભીર રીતે ઘવાયા, જેમાંથી ત્રણ મૃત્યુ સામે જંગ લડી રહ્યા છે. રામપરા અને ભારાપરા ગામના આ નિર્દોષ લોકો તંત્રની 'સ્પીડ અને સુવિધા' ના પોકળ દાવાઓનો ભોગ બન્યા છે. નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ અને શાળાઓ જેવી જગ્યાઓ પાસે સ્પીડ કંટ્રોલ માટેની કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે વાહનો બેફામ દોડે છે. સ્થાનિકોના મતે, આ વિસ્તારમાં અકસ્માતો રોજિંદી ઘટના બની ગઈ છે, છતાં હાઈવે ઓથોરિટી કે પોલીસ તંત્ર દ્વારા કોઈ નક્કર ઉકેલ લાવવામાં આવતો નથી. માત્ર અકસ્માત બાદ ઓળખ કરવી અને ગુનો નોંધવાથી જવાબદારી પૂરી થઈ જતી નથી. ગંભીર રીતે ઘવાયેલા ૧૯ વર્ષના વિશાલભાઇ અને અન્ય મહિલાઓની સ્થિતિ માટે કોણ જવાબદાર? હાઈવે પર વસૂલાતો ટોલ ટેક્સ શું માત્ર રસ્તા બનાવવા માટે છે કે મુસાફરોની સુરક્ષા માટે પણ? તંત્રની આ બિનજવાબદારીને કારણે આજે ચાર પરિવારો પર આભ તૂટી પડ્યું છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




# રાજકોટ: ડેઝી શાહના હસ્તે પુજારા ટેલિકોમમાં Redmi Note 15 લોન્ચ

**દૈનિક પલ્સ સમાચાર:** ડિજિટલ ઇન્ડિયાના વિઝનને સાકાર કરતા રાજકોટમાં પુજારા ટેલિકોમ દ્વારા Redmi Note 15 Series નું ભવ્ય લોન્ચિંગ સંપન્ન થયું. પુજારા ગ્રુપના સ્થાપક અને લોકપ્રિય ઉદ્યોગસાહસિક યોગેશ પુજારાની વિશેષ હાજરીમાં બોલીવુડ સ્ટાર ડેઝી શાહે આ ટેક-ઇવેન્ટમાં ચાર ચાંદ લગાવ્યા હતા. આ પ્રસંગે ગુજરાતના રિટેલ માર્કેટમાં પુજારા પરિવારનું વર્ચસ્વ ફરી એકવાર સાબિત થયું છે. યોગેશ પુજારાએ જણાવ્યું કે ગ્રાહકોનો વિશ્વાસ જ તેમની સૌથી મોટી શક્તિ છે. લોન્ચિંગ બાદ ડેઝી શાહે આ સ્માર્ટફોનનો જાતે અનુભવ લઈ તેની મજબૂતીની પ્રશંસા કરી હતી. ખાસ કરીને Corning Gorilla Glass Victus 2 અને IP69K ડસ્ટ-વોટર રેઝિસ્ટન્સ જેવા ફીચર્સ આ ફોનને ખાસ બનાવે છે. Xiaomi India ના સેલ્સ હેડ કુનાલ અગ્રવાલે પુજારા ટેલિકોમને એક મજબૂત અને વિશ્વસનીય ભાગીદાર ગણાવ્યા હતા. આ લોન્ચિંગ માત્ર પ્રોડક્ટનું વેચાણ નથી, પરંતુ ટેક્નોલોજીના માધ્યમથી સમાજને સશક્ત કરવાનો એક પ્રયાસ છે. 550 થી વધુ સ્ટોર્સ સાથે દેશભરમાં આગવી ઓળખ ધરાવતા પુજારા ટેલિકોમે રાજકોટના ગ્રાહકોને ફ્લેગશિપ લેવલનો અનુભવ આપવા આ અદ્યતન શ્રેણી રજૂ કરી છે. આ નવી સ્માર્ટફોન રેંજ તેના 200MP MasterPixel કેમેરાથી ફોટોગ્રાફીના નવા આયામો સ્થાપિત કરશે તેવી અપેક્ષા છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




**રાજકોટમાં પુજારા ગ્રુપના ચેરમેન યોગેશ પુજારા અને અભિનેત્રી ડેઝી શાહની પ્રેરક ઉપસ્થિતિમાં Redmi Note 15 Series નું ભવ્ય લોન્ચિંગ થયું. ટેક્નોલોજી ક્ષેત્રે ગુજરાતના ગૌરવ સમાન પુજારા ટેલિકોમ દ્વારા આ અદ્યતન સ્માર્ટફોન શ્રેણી હવે ગ્રાહકો માટે ઉપલબ્ધ બની છે.**

# વાવચોકમાં ટ્રાફિક સમસ્યા બાદ પોલીસ એક્શન મોડમાં

**દૈનિક પલ્સ સમાચાર:** તળાજા શહેરમાં ટ્રાફિક જામની જટિલ સમસ્યાથી નાગરિકોને મુક્તિ અપાવવા માટે સ્થાનિક પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને વાવચોક વિસ્તારમાં વાહનોના અવરોધને કારણે લોકોને પડતી મુશ્કેલીઓ બાદ તંત્ર સક્રિય થયું છે. બુધવારે બપોરે પી.એસ.આઈ. ખાંભલા અને તેમની ટીમે શહેરના મુખ્ય માર્ગો પર તપાસ હાથ ધરી હતી.

આ કાર્યવાહી દરમિયાન ટ્રાફિકના પાયાના નિયમો તોડનારાઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી. જેમાં ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી, ત્રણ સવારી બેસાડવી અને વાહનોમાં અનધિકૃત કાળા કાચ રાખવા જેવા ગુનાઓ બદલ સ્થળ પર જ દંડ વસૂલવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ કામગીરીનો મુખ્ય હેતુ દંડ વસૂલવાનો નહીં પરંતુ શહેરમાં ટ્રાફિકનું સુચારુ સંચાલન કરવાનો છે. આગામી દિવસોમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે, જેથી વાહન ચાલકો નિયમોનું પાલન કરતા થાય.

**તળાજા શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યાને રોકવા માટે પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. વાવચોક સહિતના વિસ્તારોમાં આડેધડ પાર્કિંગ અને નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકોને દંડ ફટકારી વ્યવસ્થા જાળવવા પ્રયાસ હાથ ધરાયો છે.**

# મનપા બજેટ: પાણી અને ગાર્બેજ ટેક્સમાં કમરતોડ વધારો

**દૈનિક પલ્સ સમાચાર:** 'સ્માર્ટ સિટી' ના સપના બતાવતું મનપા તંત્ર હવે જનતાની મરણમૂડી પર નજર બગાડી રહ્યું હોય તેમ લાગે છે. વર્ષ ૨૦૨૬-૨૭ ના સૂચિત બજેટમાં કમિશનરે આર્થિક અરાજકતા સરભર કરવા શહેરીજનો પર ૯૫ કરોડનો કરબોજ ઝીંકી દીધો છે. ગાર્બેજ કલેક્શન જે અત્યાર સુધી રૂ. ૩૬૫ હતું, તેમાં સીધો ૧૨૫% નો વધારો કરી રૂ. ૮૦૦ કરવાનું સૂચન છે.

પાણી વેરો જે પાયાની જરૂરિયાત છે, તેમાં પણ ૪૦% નો વધારો ઝીંકીને રહેણાંક કનેક્શનનો ભાવ રૂ. ૧૫૦૦ થી વધારી રૂ. ૨૪૦૦ કરવાની દરખાસ્ત છે. તંત્ર પોતાની દેવાળિયા સ્થિતિ અને વહીવટી ખર્ચને કાબૂમાં લેવાને બદલે જનતાને લૂંટવાનો માર્ગ અપનાવી રહ્યું છે. એક તરફ ૩૨૩ કરોડનું દેવું છે અને બીજી તરફ તંત્ર આયકોનિક સ્કલ્પચર અને ગ્લો ગાર્ડન જેવા શોખ પાછળ કરોડોનો ધુમાડો કરવા માંગે છે. શું આ વિકાસ છે કે પછી જનતાના પરસેવાની કમાણીનો વેડફાટ?

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# વડોદરા: ટ્રાફિક સિગ્નલ અને ગટરની સમસ્યાથી જનતામાં ભારે આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ભ્રષ્ટાચાર અને બેદરકારીનું ગઠબંધન શહેરને પાયમાલી તરફ ધકેલી રહ્યું છે. ફતેગંજ મેઈન રોડ પર તંત્ર દ્વારા આજે જે સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે તે ખરેખર તો તેમની નિષ્ફળતાનું પ્રમાણપત્ર છે. મહિનાઓ સુધી ધૂળ ખાતા સિગ્નલો તરફ કોઈનું ધ્યાન ન ગયું, અને જ્યારે વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા ત્યારે તંત્ર જાગ્યું છે. ટ્રાફિક સિગ્નલની લાઈટો પર ધૂળના થરો જામી જવાથી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન સામાન્ય બન્યું છે.

પરંતુ આજવા રોડ પરની સ્થિતિ તો હૃદયદ્રાવક છે. ઘનશ્યામ સોસાયટીના રહીશો છેલ્લા 5-6 વર્ષથી ગટરના ઉભરાતા ગંદા પાણીની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. RCC રોડ બનાવતી વખતે એન્જિનિયરિંગની ખામીને કારણે પાણીના નિકાલની જગ્યા રહી નથી. રહીશોનું કહેવું છે કે વરસાદ ન હોય તો પણ સોસાયટીમાં પાણી ભરાઈ રહે છે, જેના કારણે રહીશોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. કોર્પોરેશનના અધિકારીઓ માત્ર મુલાકાતો લે છે પણ નક્કર ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યા છે. શૌચાલયના ગંદા પાણી અને બ્લોક થયેલી ગટર લાઈનો તંત્રની કામગીરી પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે.

સ્માર્ટ સિટી વડોદરામાં ટેક્સ ભરતી જનતાને નરક સમાન જીવન જીવવા મજબૂર કરનાર જવાબદાર અધિકારીઓ સામે ક્યારે પગલાં લેવાશે? શું આ માત્ર વહીવટી આળસ છે કે પછી કોઈ મોટું ભ્રષ્ટાચારનું કૌભાંડ? જનતાનો રોષ હવે ફાટી નીકળ્યો છે અને જો ત્વરિત કાયમી નિકાલ નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન પણ થઈ શકે છે. તંત્ર હવે તો જાગે અને સ્માર્ટ સિટીના નામે માત્ર દેખાડો કરવાનું બંધ કરે તે જરૂરી છે. **રિપોર્ટ : કૌશિકભાઈ જોશી**

**વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ઘોર લાપરવાહી સામે આવી છે. ફતેગંજ મેઈન રોડ પર ટ્રાફિક સિગ્નલો પર ધૂળના થરો જામી જવાથી અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. બીજી તરફ, આજવા રોડની ઘનશ્યામ સોસાયટીમાં વર્ષોથી ગંદા પાણીના ભરાવાને કારણે રહીશો નરકાગારમાં જીવી રહ્યા છે. તંત્રની આ ઢીલી નીતિને કારણે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે અને સ્થાનિકોમાં માંદગીનો ડર ફેલાયો છે. શું સત્તાધીશો કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યા છે?**

# હિરાસર એરપોર્ટ: નવા પાયલોટને તૈયાર કરતું હબ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટનું હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ હવાઈ મુસાફરીની સાથે હવે નવા પાયલોટ્સ માટે તાલીમનું મહત્વનું કેન્દ્ર બની ગયું છે. એરપોર્ટ પર ઉપલબ્ધ આધુનિક ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) અને 3040 મીટર લાંબા રન-વેને કારણે પાઇલોટ્સ અહીં સુરક્ષિત રીતે લેન્ડિંગ અને ટેકઓફની તાલીમ લઈ શકે છે.

હાલમાં મહેસાણાની ગુજરાત ફ્લાઈંગ ક્લબ, અમરેલીની વિઝન ફ્લાઈંગ ઇન્સ્ટિટ્યુટ અને ભાવનગરની ડ્યુન્સ એર એકેડમીના તાલીમી પ્લેન નિયમિત અહીં આવે છે. મુંબઈમાં સ્લોટ ન મળવાને કારણે રિલાયન્સ કંપનીના પાયલોટ્સ પણ અહીં તાલીમ મેળવે છે. સવારે 10:30 થી 12:30 અને બપોરે 3 થી 4 વાગ્યા દરમિયાન આ ટ્રેનિંગ ફ્લાઈટ્સની વધુ અવરજવર રહે છે. પાયલોટ્સને અહીં એરપોર્ટ ગ્રાઉન્ડ બેઈઝ નેવિગેશન અને ઇમરજન્સી બ્રેકીંગ જેવી ટેકનિકલ માહિતી આપવામાં આવે છે. એરપોર્ટ ઓથોરિટીને આ તાલીમ પેટે પ્રતિ ફ્લાઈટ આશરે રૂ. 800 ની આવક પણ થઈ રહી છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટનું હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ પાયલોટ્સ માટે ટ્રેનિંગ હબ બન્યું છે. અહીં આધુનિક ILS સિસ્ટમ અને 3040 મીટર લાંબો રન-વે હોવાથી રોજના 10 જેટલા તાલીમી વિમાનો લેન્ડિંગ અને ટેકઓફની પ્રેક્ટિસ કરે છે.**

# અનેરા: ટ્રસ્ટી શ્રી અતુલભાઈ રાવલનો ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** માતૃભાષા અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી ગુજરાતી સાહિત્યને વૈશ્વિક ફલક પર લઈ જનાર શ્રી અતુલભાઇ રાવલનો અનેરા ખાતે અભિવાદન સમારોહ સંપન્ન થયો હતો. વિશ્વમંગલમ્ અનેરા વૃંદાવનના ટ્રસ્ટી શ્રી અતુલભાઇને બે અણમોલ રત્ન સમાન એવોર્ડ્સ મળતા સમગ્ર સંસ્થામાં હર્ષની લાગણી ફેલાઈ છે. તેમને 'શ્રી ઉમાશંકર જોશી વિશ્વ ગુર્જરી સાહિત્ય એવોર્ડ' અને 'શ્રી રતિલાલ ચંદરિયા માતૃભાષા ગૌરવ એવોર્ડ' થી નવાજવામાં આવ્યા છે.

શ્રી અતુલભાઇ રાવલની કામગીરીની વાત કરીએ તો, તેમણે એકત્ર ફાઉન્ડેશન (અમેરિકા) ના સહયોગથી ગુજરાતી સાહિત્યના દુર્લભ પુસ્તકોનું ડિજિટલાઇઝેશન કર્યું છે. આ ઉપરાંત, શિક્ષણમાં AI ટેકનોલોજીના પ્રયોગ દ્વારા અધ્યયન પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવામાં તેમનું યોગદાન અમૂલ્ય છે. આ અભિવાદન સમારોહમાં વિશ્વમંગલમ્ ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી અનિતાબેન શાહ અને મંત્રી રમણભાઈ એલ. પટેલ સહિતના મહાનુભાવોએ અતુલભાઈની સાદગી અને કર્તવ્યનિષ્ઠાના વખાણ કર્યા હતા. કાર્યક્રમમાં ટ્રસ્ટીઓ મહેન્દ્રભાઈ પટેલ, રમણભાઈ કે. પટેલ, શારદાબેન પટેલ, કનુભાઈ બારોટ અને પ્રહલાદભાઈની સાથે વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા. અતુલભાઈની આ સફળતા નવી પેઢીના સાહિત્યપ્રેમીઓ માટે પ્રેરણા સ્ત્રોત બની રહેશે, જે સાબિત કરે છે કે ટેકનોલોજીના માધ્યમથી ભાષાનું જતન શક્ય છે.

**રિપોર્ટ : સોમજી ચૌહાણ**



# દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં ડાંગના 8 વિદ્યાર્થીઓએ કરાટે કુમિતે પરિક્ષા પાસ

## ડાંગ: નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં 8 ખેલાડીઓની મોટી સિદ્ધિ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાના વિવિધ ગામડાઓમાંથી આવતા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ખાતે યોજાયેલ ૩જી પ્રેસિડેન્ટ કપ નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં અપ્રતિમ સફળતા મેળવી છે. તાલકટોરા ઇન્ડોર સ્ટેડિયમ જેવા પ્રતિષ્ઠિત મંચ પર ડાંગના ૮ પ્રતિભાશાળી ખેલાડીઓએ કરાટે કુમિતે પરિક્ષામાં સફળતા મેળવીને સાબિત કર્યું છે કે જો યોગ્ય માર્ગદર્શન અને તક મળે તો ડાંગની યુવા શક્તિ ગમે તે સ્તરે ઝળકી શકે છે.

આ સફળતા પાછળ કરાટે એસોસિએશન ઓફ ડાંગનાં જનરલ સેક્રેટરી અને મુખ્ય કોચ સેન્સેઈ પી.આર. દિપક કુમારની મહેનત રહેલી છે. પાસ થનારા વિદ્યાર્થીઓમાં તારા આહીર, મહેશ વાઘ, અજય ચોર્યા, ગુલાબ ચૌધરી, સંતોષ પાડવી, પૂજા ચૌધરી, હરદીપ ઠાકરે અને વર્ષા ગાયકવાડનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ બદલ એસોસિએશનના પ્રમુખ રાજેશભાઈ ગામીત, સંયુક્ત સચિવ હરિરામ સાવંત, એક્ઝીક્યુટીવ કમિટી સભ્ય જાની જીતેન અને ઉપપ્રમુખ અર્જુનભાઈ સોરટીયાએ હર્ષ વ્યક્ત કર્યો છે. ડાંગના અંતરિયાળ ગામોમાંથી નીકળીને નેશનલ સ્ટેડિયમ સુધી પહોંચી સિદ્ધિ મેળવવી એ માત્ર શાળા કે પરિવાર માટે જ નહીં, પણ સમગ્ર રાજ્ય માટે ગર્વની બાબત છે. આ રમતવીરો હવે આવનારા સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવા સજ્જ બન્યા છે. **રિપોર્ટ : સચિન પવાર**



**દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજાયેલી ૩જી પ્રેસિડેન્ટ કપ નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં ડાંગના ૮ રમતવીરોએ કુમિતે પરિક્ષા પાસ કરી રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો છે. સેન્સેઈ પી.આર. દિપક કુમારના માર્ગદર્શન હેઠળ તારા આહીર અને મહેશ વાઘ સહિતના ખેલાડીઓએ આ સિદ્ધિ મેળવી છે. કરાટે એસોસિએશન ઓફ ડાંગના હોદ્દેદારોએ આ તેજસ્વી તારલાઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.**

# ફતેગંજ: ગંદા સિગ્નલોને કારણે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા રામભરોસે હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. યુનિવર્સિટી અને છાણી રોડને જોડતો આ મુખ્ય માર્ગ હોવા છતાં, અહીંના ટ્રાફિક સિગ્નલોની હાલત અત્યંત દયનીય હતી. લાંબા સમયથી સિગ્નલની લાઈટો પર ધૂળના ગહ્રો બાઝી ગયા હોવા છતાં તંત્ર નિદ્રાધીન હતું. જેના કારણે વાહનચાલકોને સિગ્નલ બદલાયાની ખબર પડતી નહોતી અને ટ્રાફિક નિયમોનું અજાણતા જ ઉલ્લંઘન થતું હતું.

આજે વહીવટી તંત્ર દ્વારા આ સિગ્નલોની સફાઈ માટેની 'ઝુંબેશ' શરૂ કરવામાં આવી છે, પરંતુ સવાલ એ છે કે શું આ કામગીરી નિયમિત કેમ કરવામાં આવતી નથી? સ્થાનિક રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેઓનું કહેવું છે કે જો સિગ્નલો જ સ્વચ્છ ન હોય તો ટ્રાફિક ડિસિપ્લિનની આશા કેવી રીતે રાખી શકાય? તંત્રની આ 'ત્વરિત' કામગીરી માત્ર દેખાડો ન બની રહે અને શહેરના અન્ય મુખ્ય ચાર રસ્તાઓ પર પણ આવી સફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

**રિપોર્ટ : કૌશિકભાઈ જોશી**

**વડોદરાના વ્યસ્ત ફતેગંજ મેઈન રોડ પર તંત્ર દ્વારા મોડે મોડે ટ્રાફિક સિગ્નલોની સફાઈ હાથ ધરાઈ. લાંબા સમયથી ધૂળ અને ધુમાડાના થરો જામી જવાથી સિગ્નલો દેખાતા નહોતા, જેના કારણે ટ્રાફિક નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું હોવાની ફરિયાદો ઉઠી હતી.**

# આહવા: માર્ગ સલામતી ચિત્ર સ્પર્ધામાં એકલવ્ય શાળાનો વિદ્યાર્થી પ્રથમ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાના વહીવટી મથક આહવા ખાતે શૈક્ષણિક અને સામાજિક જાગૃતિના સમન્વય જેવો કાર્યક્રમ સંપન્ન થયો. મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેના માર્ગદર્શન હેઠળ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ઉજવાયેલા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસના સમાપન રૂપે ઇનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ ભાવિ પેઢીમાં ટ્રાફિક નિયમો અને માર્ગ સુરક્ષા પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવાનો હતો. આ અભિયાનમાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સંચાલિત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલના વિદ્યાર્થીઓએ સક્રિય ભૂમિકા ભજવી હતી. શાળાના તેજસ્વી વિદ્યાર્થી પવાર ક્રિષ્નાએ જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. તેની આ સફળતા માત્ર શાળા માટે જ નહીં પણ સમગ્ર ડાંગ જિલ્લા માટે ગૌરવ સમાન છે. ૪ ફેબ્રુઆરીએ સરકારી માધ્યમિક શાળા, આહવા ખાતે આયોજિત સન્માન સમારોહમાં શિક્ષણ વિભાગના અધિકારીઓની હાજરીમાં ક્રિષ્નાને ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા સોનલ આર. મેકવાન અને મેનેજમેન્ટ સમિતિએ વિદ્યાર્થીના કલા કૌશલ્યને બિરદાવ્યું હતું. આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં રહેલી છુપાયેલી કલાને વેગ મળે છે અને સામાજિક સંદેશો પણ અસરકારક રીતે લોકો સુધી પહોંચે છે. **રિપોર્ટ : સચિન પવાર**



# સુબીર તાલુકા પંચાયત ખાતે સંપૂર્ણતા અભિયાન ૨.૦ યોજાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાના સુબીર તાલુકા પંચાયત ખાતે 'સંપૂર્ણતા અભિયાન ૨.૦' નો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. વર્ષ ૨૦૧૮ માં શરૂ થયેલા એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ પ્રોગ્રામ (ADP) ની સફળતા બાદ હવે એસ્પિરેશનલ બ્લોક્સ પ્રોગ્રામ (ABP) હેઠળ સુબીર તાલુકાનો સર્વાંગી વિકાસ સાધવા આ આયોજન કરાયું છે. આ અભિયાન ૨૮ જાન્યુઆરીથી ૧૪ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલશે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પોષણ, શિક્ષણ, કૃષિ, અને નાણાકીય સમાવેશ જેવા પાયાના ક્ષેત્રોમાં સચોટ સેવાઓ પહોંચાડવાનો છે. ખાસ કરીને ૬ પસંદ કરેલા સૂચકાંકો પર ધ્યાન આપી પછાત વિસ્તારોમાં જીવનની ગુણવત્તા સુધારવાનો લક્ષ્યાંક છે. આ પ્રસંગે સુબીર તાલુકા પંચાયત પ્રમુખ લતાબેન કનવારે, જિલ્લા આયોજન અધિકારી સ્મિતાબેન પટેલ અને તાલુકા વિકાસ અધિકારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓ અને નાગરિકોએ સાથે મળીને સંપૂર્ણતા અભિયાનને સફળ બનાવવા માટે શપથ લીધા હતા. આ સ્પર્ધાત્મક અભિગમથી બ્લોક સ્તરે કાર્યક્ષમતા વધશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

**રિપોર્ટ : સચિન પવાર**





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# જોરાવરનગર: શાળા નં.૭ માં વિશ્વ કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વભરમાં જ્યારે ૪ ફેબ્રુઆરીએ 'વિશ્વ કેન્સર દિવસ' ની ઉજવણી થઈ રહી છે, ત્યારે જોરાવરનગરની પે સેન્ટર શાળા નં. ૭ દ્વારા પણ સામાજિક જવાબદારીના ભાગરૂપે એક મહત્વપૂર્ણ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થી અવસ્થાથી જ ગંભીર બીમારીઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. આ અભિયાનમાં છેલ્લા ૧૪ વર્ષથી રાજ્યભરમાં કેન્સર જાગૃતિ માટે કાર્યરત ડૉ. મનોજભાઈ પંડ્યાએ મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. ડૉ. પંડ્યાએ કેન્સરના ચિહ્નો, તેનાથી બચવાના ઉપાયો અને સમાજમાં ફેલાયેલી ભ્રમણાઓ દૂર કરવા અંગે માર્મિક રજૂઆત કરી હતી. શારદા સ્કૂલના ટ્રસ્ટી પરેશભાઈ જાનીની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ વધુ અર્થસભર બન્યો હતો. શાળાના આચાર્ય નારણભાઈ વાઘેલાએ કાર્યક્રમનું સંચાલન કરવાની સાથે કેન્સર જાગૃતિના મહત્વ પર ભાર મૂક્યો હતો. ડૉ. મનોજભાઈની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવા માટે શાળા પરિવાર દ્વારા તેમનું શાલ ઓઢાડી અને સાહિત્યિક પુસ્તક 'કોને રંગ દેવા' અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રકારના શૈક્ષણિક અને સામાજિક સમન્વય ધરાવતા કાર્યક્રમો સમાજમાં નવી ચેતના જગાડવાનું કામ કરે છે, જેની નગરજનોએ પણ પ્રશંસા કરી છે.

**રિપોર્ટ : ડી.જી.જાડેજા**



**વિશ્વ કેન્સર જાગૃતિ દિવસના અવસરે જોરાવરનગરની પે સેન્ટર શાળા નં. ૭ માં એક પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્સર જાગૃતિ માટે સમર્પિત લેખક અને સમાજસેવક ડૉ. મનોજભાઈ પંડ્યાએ કેન્સર સામે સાવચેતી અને જાગૃતિ અંગે ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમમાં શારદા સ્કૂલના ટ્રસ્ટી પરેશભાઈ જાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય નારણભાઈ વાઘેલાના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ડૉ. પંડ્યાનું શાલ અને પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.**

# જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર જાયન્ટ્સ ગ્રૂપ ઓફ બોટાદ દ્વારા આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી 'મિશન આરોગ્યમ' પ્રોજેક્ટ હેઠળ મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. થાઈરોકેર લેબોરેટરી - મુંબઈના ટેકનિકલ સહયોગથી યોજાયેલા આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને રાહત દરે આધુનિક લેબોરેટરી તપાસ ઉપલબ્ધ કરાવવાનો હતો.

બોટાદના નવનાળા પાસેના આશ્રય ઘર ખાતે યોજાયેલા આ કેમ્પમાં કુલ 90 લાભાર્થીઓએ નોંધણી કરાવી આરોગ્ય તપાસ કરાવી હતી. આધુનિક બ્લડ ટેસ્ટિંગ પદ્ધતિ દ્વારા દર્દીઓના થાઈરોઈડ, કિડની ફંક્શન, વિટામિન્સની ઉણપ, ડાયાબિટીસ અને હૃદયની સ્થિતિને લગતા 72 જેટલા પેરામીટર્સ તપાસવામાં આવ્યા હતા. કેમ્પમાં ડો. પ્રશાંતભાઈ ક્લથિયા, કેતનભાઈ રોજેસરા, સી.એલ. ભીકડિયા અને નિલેશભાઈ કોઠારી જેવા અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. જાયન્ટ્સ ગ્રૂપની ટીમ દ્વારા દર્દીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રકારના આયોજનથી મધ્યમ અને ગરીબ વર્ગના લોકો મોંઘા રિપોર્ટ્સ ખૂબ જ ઓછા ખર્ચે કરાવી શક્યા છે. સંસ્થાના અન્ય સભ્યો જેવા કે દીપકભાઈ માથુકીયા, કલ્પેશ ગાંધી અને ડો. અરવિંદ સોનાણીએ પણ હાજર રહી સેવાઓ આપી હતી. આરોગ્ય ક્ષેત્રે જાયન્ટ્સ ગ્રૂપનું આ પ્રશંસનીય પગલું બોટાદ શહેર માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે. **રિપોર્ટ : કનુભાઈ ખાચર**




# વડોદરા: બોર્ડ પરીક્ષાના પરિણામ સુધારવા વિશેષ પુસ્તકનું વિમોચન

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણ ક્ષેત્રે વડોદરા જિલ્લાની પ્રગતિને વેગ આપવા માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એક પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે. એસ.એસ.સી. બોર્ડની ગત પરીક્ષાઓમાં જે શાળાઓનું પરિણામ 30 ટકાથી ઓછું રહ્યું હતું, ત્યાંના વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો લાવવા માટે 'પરિણામ સુધારણા પુસ્તક' તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક માત્ર પ્રશ્નસંગ્રહ નથી, પરંતુ વિદ્યાર્થીઓને વિષયવાર સચોટ માર્ગદર્શન આપતું એક માધ્યમ છે. જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેના માર્ગદર્શન હેઠળ સાવલી અને ડેસર તાલુકા સહિત સમગ્ર જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓને 5,000 જેટલા પુસ્તકોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત KJIT ના ટ્રસ્ટી સમીરભાઈએ પણ શિક્ષણના ગુણાત્મક સુધારા પર ભાર મૂક્યો હતો. પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં પરીક્ષામાં પૂછાતા મહત્વના પ્રશ્નો અને તેની લખવાની રીત વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપવામાં આવી છે. આ ઉપરાંત, જે વિદ્યાર્થીઓ પાસે ભૌતિક પુસ્તક ન પહોંચી શકે તેમના માટે ઈ-કોપી પણ ઉપલબ્ધ કરાવાશે. આ પહેલથી છેવાડાના ગામડાની શાળાઓના વિદ્યાર્થીઓને ઘરબેઠા ગુણવત્તાયુક્ત મટીરિયલ મળી રહેશે, જે અંતે જિલ્લાના સરેરાશ પરિણામમાં મોટો ઉછાળો લાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

**રિપોર્ટ: હસમુખભાઈ નાયક**




**વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે 'પરિણામ સુધારણા પુસ્તક'નું વિમોચન કરાયું. ઓછું પરિણામ ધરાવતી શાળાઓના 5,000થી વધુ વિદ્યાર્થીઓને આ પુસ્તકનું વિતરણ કરવામાં આવશે, જે પરીક્ષામાં ગુણાત્મક સુધારો લાવવામાં મદદરૂપ બનશે.**

# ગઢડા: દલિત સમાજ સ્મશાનમાં સ્નાનગૃહના કામનું ખાતમુહૂર્ત કરાયું.

## ગઢડા: શક્તિસિંહ ગોહિલની ગ્રાન્ટમાંથી સ્નાનગૃહનું નિર્માણ

**દૈનિક પલ્સ સમાચાર:** ગઢડા શહેરમાં જનસુવિધામાં વધારો કરતા સમાચાર સામે આવ્યા છે. શહેરના વોર્ડ નંબર ૪ માં આવેલ દલિત સમાજ સ્મશાન ખાતે નવીન સ્નાનગૃહ બનાવવાની કામગીરીનો આજથી પ્રારંભ થયો છે. આ વિકાસલક્ષી કાર્ય માટે રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ સાહેબે પોતાની ગ્રાન્ટમાંથી ભંડોળ ફાળવ્યું છે, જે અંતર્ગત આજે ખાતમુહૂર્ત વિધિ યોજાઈ હતી. આ પ્રસંગે ગઢડા નગર પાલિકાના પૂર્વ પ્રમુખ કનુભાઈ જેબલિયા અને વોર્ડ નંબર ૪ ના કોર્પોરેટર રમેશભાઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓના હસ્તે કામનો શુભારંભ કરાયો હતો.

સ્મશાનમાં પાયાની સવલતોના અભાવે અંતિમ સંસ્કાર સમયે લોકોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડતી હતી, જે અંગેની રજૂઆતોને સાંસદ અને પૂર્વ પ્રમુખે ગંભીરતાથી લઈ ત્વરિત નિકાલ લાવ્યો છે. આ સુવિધા મળતા જ દલિત સમાજના આગેવાનો, યુવાનો અને સ્થાનિક રહિશોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સમાજના છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાના પ્રયાસોને લોકોએ બિરદાવ્યા છે. સમાજના યુવાનોએ શક્તિસિંહ ગોહિલ અને કનુભાઈ જેબલિયાનો હૃદયપૂર્વક આભાર માની હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આગામી દિવસોમાં આ સ્નાનગૃહ બનીને તૈયાર થઈ જશે, જેનાથી વર્ષો જૂની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. **રિપોર્ટ : મનસુખ વાળા**



**ગઢડાના વોર્ડ નંબર ૪ માં દલિત સમાજના સ્મશાન ખાતે સ્નાનગૃહના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલની ગ્રાન્ટમાંથી ફાળવાયેલા આ કામનો પ્રારંભ પૂર્વ પ્રમુખ કનુભાઈ જેબલિયા અને કોર્પોરેટર રમેશભાઈ રાઠોડ દ્વારા કરાયો હતો.**

# અમદાવાદ: નિકોલમાં ૨.૯૬ કરોડની વ્હેલ ઉલટી ઝડપાઈ.

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં ફરી એકવાર પ્રતિબંધિત 'તરતા સોના' તરીકે ઓળખાતી વ્હેલની ઉલટીની તસ્કરીનો ગંભીર મામલો સામે આવ્યો છે. નિકોલ પોલીસે હાથ ધરેલા સ્પેશિયલ ઓપરેશનમાં ₹2.96 કરોડની કિંમતનો એમ્બરગ્રીસનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસ કમિશનર જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી કઠવાડા ચાર રસ્તા પર વોચ ગોઠવી હતી. આ સમગ્ર કાવતરું ભાવનગરથી ઘડવામાં આવ્યું હતું. મુખ્ય આરોપી મુકેશ ડાભીએ ભાવનગરના જ નવદીપ ચૌહાણને આ જથ્થો વેચવા અમદાવાદ મોકલ્યો હતો. પોલીસે ડમી ગ્રાહક બનીને આરોપી સાથે વાતચીત કરી તેને નિશ્ચિત સ્થળે બોલાવ્યો અને મધરાતે 23:45 કલાકે તેને દબોચી લીધો હતો. આરોપી પાસેથી 2.960 કિલોગ્રામ વ્હેલ ઉલટીના ટુકડા અને મોબાઈલ ફોન જપ્ત કરાયા છે. નકારાત્મક બાબત એ છે કે ડ્રાઈવિંગ જેવા વ્યવસાય સાથે જોડાયેલા યુવાનો ટૂંકી લાલચમાં વન્યજીવ અપરાધોમાં ફસાઈ રહ્યા છે. આ ઓપરેશનથી સાબિત થાય છે કે શહેરમાં વન્યજીવ પેદાશોની દાણચોરીનું નેટવર્ક મજબૂત બની રહ્યું છે. નિકોલ પોલીસે આરોપીની ધરપકડ કરી બીએનએસએસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે, પરંતુ આ કાળા કારોબારના અસલી માસ્ટરમાઇન્ડ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# સિહોરમાં દારૂનું મસમોટું કટિંગ ઝડપાયું: સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના ચીંથરેલી હાલત કરતા સમાચાર ભાવનગરના સિહોરથી સામે આવ્યા છે. સિહોર તાલુકાના મોટા સુરકા ગામેથી પેરોલ-ફર્લો સ્ક્વોડે દરોડો પાડીને લાખોની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડતા બુટલેગરો અને પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. બાતમીના આધારે જ્યારે સ્ક્વોડ ઘટનાસ્થળે પહોંચી ત્યારે બે બોલેરો ગાડીઓમાં દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું. તપાસ દરમિયાન પોલીસને વિવિધ બ્રાન્ડની કુલ 511 પેટી વિદેશી ઈંગ્લીશ દારૂ મળી આવ્યો હતો. વાહનો અને દારૂની કુલ કિંમત ગણીએ તો ₹96,82,390નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે સાબિત કર્યું છે કે બુટલેગરો બેફામ બન્યા છે.

પરંતુ આ સફળતાની બીજી બાજુ અત્યંત શરમજનક છે. આટલી મોટી માત્રામાં દારૂ ઉતરતો હોય અને સ્થાનિક સિહોર પોલીસને ખબર પણ ન પડે, તે વાત સામાન્ય નાગરિકના ગળે ઉતરતી નથી. આ ઘટના એ સ્પષ્ટ કરે છે કે સિહોર પોલીસની ગુપ્તચર સિસ્ટમ કાં તો સદંતર નિષ્ફળ છે અથવા તો જાણીબૂઝીને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હતા. રાજ્યમાં જ્યારે ગૃહ વિભાગ દારૂબંધીના કડક અમલની વાતો કરે છે, ત્યારે સિહોર પોલીસની આ 'અજાણતા' સિસ્ટમ સામે અનેક શંકાસ્પદ સવાલો ઉભા કરે છે.

જિલ્લાની પેરોલ-ફર્લો સ્ક્વોડ જ્યારે આવીને કાર્યવાહી કરે ત્યારે સ્થાનિક પોલીસની નબળી કામગીરી જગજાહેર થઈ જાય છે. લોકોમાં એવી ચર્ચા છે કે શું સ્થાનિક અધિકારીઓના આશીર્વાદ વગર આટલી હિંમત કોઈ કરી શકે? જો જિલ્લા કક્ષાની ટીમો જ કામ કરવાની હોય તો સ્થાનિક પોલીસ સ્ટેશનની જરૂર શું? આ કિસ્સો પોલીસ વડા માટે પણ એક પડકાર છે કે તેઓ પોતાના જ વિભાગમાં ચાલતા આ ભ્રષ્ટાચાર અથવા નિષ્ક્રિયતા સામે કેવા પગલાં ભરે છે. હાલ તો લાખોનો દારૂ પકડાતા બુટલેગરોમાં ફફડાટ છે, પણ સિહોર પોલીસની આબરૂનું શું? **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

**સિહોરના મોટા સુરકા ગામે પેરોલ-ફર્લો સ્ક્વોડે ત્રાટકીને ₹96.82 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. બે બોલેરો ગાડીઓ સાથે 511 પેટી દારૂ મળી આવતા ચકચાર મચી છે, પરંતુ આટલા મોટા કટિંગથી સ્થાનિક સિહોર પોલીસ અજાણ રહેતા અનેક સવાલો ઉભા થયા છે.**

# આર્મીમેન બળવંતસિંહ સોલંકીનું જનસેવા માટે નવું સાહસ

**દૈનિક પલ્સ સમાચાર:** મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલ ભાંથલા ગામ ખાતે આજે આનંદનો માહોલ જોવા મળ્યો હતો. દેશની સરહદોનું રક્ષણ કરનાર આર્મીમેન બળવંતસિંહ સોલંકીએ હવે ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે એક નવીન સાહસ ખેડ્યું છે. ભાંથલા ચોકડી ખાતે તેઓ દ્વારા નવીન ATMનું ઉદ્ઘાટન કરાયું હતું. આ ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના મહીસાગર જિલ્લાના કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ સુવિધાથી ગ્રામ્ય વિસ્તારના લોકોને હવે બેંકિંગ સેવાઓ માટે દૂર નહીં જવું પડે. **રિપોર્ટ : દિપક પરમાર**






# તંત્રી લેખ: હાનિકારક હોર્ન-લાઈટના ઉત્પાદકો પર સરકારની રહેમનજર કેમ?

**"દીવા તળે અંધારું"** જેવી નીતિ સાથે સરકાર આજે મધ્યમવર્ગના રક્ષણને બદલે શોષણ કરી રહી છે. દારૂ અને સિગારેટથી સ્વાસ્થ્ય બગડે છે તેવી જાહેરાતો કરવા માટે પ્રજાના કરોડો રૂપિયા પાણીની જેમ વહાવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં આ ચીજોનું વેચાણ બંધ કરવાના બદલે સરકાર તેના પર ટેક્સ વસૂલી મોજ કરે છે. આવું જ કંઈક ટ્રાફિક અને પર્યાવરણીય પ્રદૂષણ મામલે થઈ રહ્યું છે. રસ્તા પર કાન ફાડી નાખતા પ્રેશર હોર્ન અને સામેથી આવતા ચાલકની આંખો અંજાવી અકસ્માત સર્જતી વ્હાઇટ LED લાઈટો આજે સામાજિક દુષણ બની ગઈ છે.

આશ્ચર્યની વાત એ છે કે આ વસ્તુઓ બજારમાં ખુલ્લેઆમ મળે છે અને પોલીસ માત્ર વાપરનારાઓને પકડીને સંતોષ માને છે. સવાલ એ ઊભો થાય છે કે આ વસ્તુઓ બનાવનારા યુનિટો પર તાળા કેમ નથી લાગતા? શું આ કંપનીઓ ચૂંટણી સમયે સત્તાધારી પક્ષોની તિજોરી ભરે છે? વહીવટી માળખું કેમ આંધળું બનીને બેઠું છે? સરકાર માત્ર પ્રજાને સમજાવવાના નાટકો કરે છે, પણ ઉત્પાદકો સામે લાલ આંખ કરવાની હિંમત બતાવતી નથી. ઉદ્યોગપતિઓના હિત સાચવવાની લ્હાયમાં સામાન્ય નાગરિકના સ્વાસ્થ્ય અને શાંતિનો ભોગ લેવાઈ રહ્યો છે.

આજે સમાજમાં ફેલાયેલી આ અરાજકતા માટે ત્રણેય પક્ષ જવાબદાર છે: લોભી સરકાર જે દંડ વસૂલવામાં મસ્ત છે, સ્વાર્થી ઉત્પાદક જે માત્ર નફો જુએ છે, અને તે યુવા પેઢી જે ફેશનના નામે બીજાની સુખ-શાંતિ છીનવી રહી છે. પરંતુ સૌથી વધુ જવાબદારી તે તંત્રની છે જે હાનિકારક વસ્તુઓનું ઉત્પાદન થવા દે છે. સરકાર નવા કાયદાઓનો જે રીતે મધ્યમવર્ગ પર કોરડો વીંઝે છે, તે જ કડકાઈ આ ઉત્પાદન એકમો પર કેમ નથી દેખાતી? પ્રેશર હોર્નના કારણે વૃદ્ધો અને બીમાર લોકોની શાંતિ છીનવાઈ છે, વ્હાઇટ લાઈટના લીધે હજારો અકસ્માતો થાય છે, છતાં સરકાર માત્ર જાહેરાતોનો ધુમાડો કરી પ્રજાને 'સમજાવવા' બેઠી છે. હકીકત એ છે કે સરકાર પ્રજાને સુધારવા નહીં પણ મારવા બેઠી હોય તેવું લાગે છે. વહીવટી માળખાની નિષ્ફળતા અને ભ્રષ્ટાચારના મૂળ એટલા ઊંડા છે કે ગુનાના મૂળ પર પ્રહાર કરવાના બદલે ડાળીઓ કાપવાનો ડોળ કરવામાં આવે છે. જો સરકાર ખરેખર પ્રજાનું હિત ઈચ્છતી હોય, તો જાહેરાતો પાછળ થતો વ્યર્થ ખર્ચ બંધ કરી આ ઝેર બનાવતા યુનિટોને સીલ કરવા જોઈએ. ચૂંટણી ફંડની લાલચમાં પ્રજાના જીવ સાથે રમત રમતી સરકાર ક્યારે જાગશે? શું શાસનનો અર્થ માત્ર ઉદ્યોગપતિઓને પંપાળવાનો જ છે? આ એક ગંભીર સવાલ છે જેનો જવાબ આજે દરેક પીડાતો નાગરિક શોધી રહ્યો છે.

**સરકાર વ્યસનમુક્તિની વાતો કરી કરોડોનો ધુમાડો કરે છે, પણ હાનિકારક હોર્ન અને વ્હાઇટ લાઈટ જેવી પ્રોડક્ટ્સ બનાવતા યુનિટો સામે મૌન છે. શું ચૂંટણી ફંડના જોરે આ ઝેર વેચવાની છૂટ અપાય છે? પ્રજાને દંડવાને બદલે ઉત્પાદકોને કેમ રોકતા નથી?**

# જેતપુર: રહેણાંક મકાનમાંથી ગાંજો ઝડપાયો, ડોગ કેપ્ટોની મદદથી સફળતા

**દૈનિક પલ્સ સમાચાર**: રાજકોટ રેન્જ આઈજી અને એસપીના માર્ગદર્શન હેઠળ જેતપુર પોલીસની ટીમે નશાના સોદાગરો વિરુદ્ધ લાલ આંખ કરી છે. બાવાવાળાપરા વિસ્તારમાં એક મકાનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આ સર્ચ ઓપરેશનમાં ડોગ સ્ક્વોડના સભ્ય 'કેપ્ટો' (લેબ્રાડોર) એ તેની સૂંઘવાની તીવ્ર શક્તિથી બારી અને પલંગની વચ્ચે સંતાડેલા ગાંજાના જથ્થાને પકડી પાડ્યો હતો. કુલ 914 ગ્રામ ગાંજો કબજે કરવામાં આવ્યો છે, જેની બજાર કિંમત ₹45,700 આંકવામાં આવી છે.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં શરદબેન લંગરીયા અને હનીફભાઈ રફાઈનો સમાવેશ થાય છે. તપાસમાં બહાર આવ્યું છે કે ડ્રગ્સનો આ પુરવઠો વિરપુરના એક વ્યક્તિ દ્વારા પૂરો પાડવામાં આવતો હતો. પોલીસે આરોપીઓ પાસેથી આધાર કાર્ડ અને લાઇટ બિલ જેવા દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે. ફોરેન્સિક એક્સપર્ટ પી.બી. નરવેએ સ્થળ પર જ નમૂનાઓની પ્રાથમિક તપાસ કરી તે ગાંજો હોવાનું પ્રમાણિત કર્યું હતું. આ કામગીરીમાં પ્રોફે. આઈપીએસ પ્રખર કુમાર અને પીઆઈ એ.ડી. પરમાર સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. આ સફળતાથી નશાના વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે અને પોલીસ હવે આ સપ્લાય ચેઈનના મૂળ સુધી પહોંચવા પ્રયત્ન કરી રહી છે.

**રીપીટ : મકવાણા પ્રિતેનકુમાર**



**જેતપુરના બાવાવાળાપરા વિસ્તારમાં પોલીસે એક મકાન પર દરોડો પાડીને અંદાજે ₹45,700ની કિંમતનો 914 ગ્રામ ગાંજો જપ્ત કર્યો છે. આ કામગીરીમાં ડોગ સ્ક્વોડના 'કેપ્ટો'એ છુપાવેલો જથ્થો શોધી કાઢવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસે આ મામલે બે શખ્સોની ધરપકડ કરી**

# વડાલી: ગંદા પાણીના મામલે કલેક્ટર જાગ્યા, તંત્રની ઘોર લાપરવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી પાલિકા વિસ્તારમાં દૂષિત પાણીના મામલે તંત્રની નરી બેદરકારી અને લાપરવાહી હવે જનતાના જીવ પર બની આવી છે. છેલ્લા કેટલાક સમયથી વડાલીની પ્રજા નળમાં આવતા કાદવ-કીચડવાળા અને દૂષિત પાણીથી ત્રસ્ત હતી. અનેક ફરિયાદો અને આક્રોશ બાદ આખરે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંહ સાંદુએ મામલો હાથમાં લેવો પડ્યો છે. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં પાલિકા, પાણી પુરવઠા અને આરોગ્ય વિભાગના અધિકારીઓને આડેહાથ લેવામાં આવ્યા હોય તેમ જણાય છે.

બેઠકમાં એવો નિર્ણય લેવાયો છે કે આગામી સાત દિવસમાં દૂષિત પાણીની સમસ્યા જળમૂળથી ઉખેડી નાખવામાં આવશે. પરંતુ સવાલ એ છે કે આટલા સમયથી જ્યારે લોકોનું આરોગ્ય જોખમમાં હતું ત્યારે આ અધિકારીઓ ક્યાં હતા? વડાલી મામલતદાર હર્ષવર્ધન પરમાર હવે દાવો કરી રહ્યા છે કે ધરોઈ ડેમમાંથી સપ્લાય શરૂ કરી પાણીને ક્લોરિનેટ કરવામાં આવશે અને લાઈનના લીકેજ શોધવામાં આવશે. પરંતુ આ કામગીરી તો પાલિકાના રૂટિન મેઈન્ટેનન્સનો ભાગ હોવો જોઈએ.

GUDM ની ટીમને બોલાવીને આખી સિસ્ટમ ચેક કરાવવી પડે છે, જે દર્શાવે છે કે વડાલી પાલિકા પાસે આ સમસ્યાનો કોઈ ઉકેલ જ નહોતો. અત્યારે વડાલીમાં આંતરે દિવસે પાણી આપવામાં આવે છે, જે તંત્રની પાણી વિતરણ વ્યવસ્થાની નિષ્ફળતા છે. તંત્ર હવે 'રાબેતા મુજબ' પાણી આપવાની વાતો કરે છે, પણ શું આ પાણી ખરેખર પીવા લાયક હશે કે પછી માત્ર કલેક્ટરના ગુસ્સાને શાંત કરવા માટેની કામચલાઉ મરમ્મત છે? જનતાને હવે વાયદાઓ નહીં પણ શુદ્ધ પાણી જોઈએ છે. જો સાત દિવસમાં સ્થિતિ નહીં સુધરે, તો આ તંત્ર સામે ફોજદારી રાહે કાર્યવાહી થવી જોઈએ તેવી લોકમાંગ ઉઠી છે.

**વડાલી પાલિકાના સત્તાધીશોની ઘોર બેદરકારી સામે આવી છે. શહેરની જનતાને શુદ્ધ પાણી આપવાના બદલે ગંદકીયુક્ત પાણી પીરસવામાં આવી રહ્યું છે, જેનાથી અનેક લોકોના જીવ જોખમમાં મુકાયા છે. મામલો કલેક્ટર સુધી પહોંચતા તેઓ સફાળા જાગ્યા છે અને અઠવાડિયામાં નિરાકરણ લાવવાનું આશ્વાસન આપ્યું છે. જોકે, આટલા દિવસો સુધી જનતાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરનાર જવાબદારો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. શું સરકારી બાબુઓ માત્ર કાગળ પર જ સમસ્યાઓ ઉકેલશે?**

# જૂનાગઢ: મહાશિવરાત્રી મેળાના આયોજન માટે સંતો અને તંત્રની બેઠક

## ભવનાથ મહાશિવરાત્રી મેળો: સંતો અને તંત્રની મહત્વની બેઠક

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રીનો મેળો જૂનાગઢની ઓળખ છે, અને આ મેળાને ભવ્ય બનાવવા માટે તંત્ર અને સંતો એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. ભવનાથ ખાતે યોજાયેલી આ બેઠકમાં મેળાના આયોજનના દરેક પાસા પર ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. સાધુ સમાજના પ્રમુખ મુક્તાનંદ બાપુના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં શેરનાથ બાપુ અને ઇન્દ્રભારતી બાપુએ પરંપરાગત વિધિઓ અને સાધુઓના ઉતારા અંગે ચર્ચા કરી હતી. વહીવટી તંત્ર તરફથી કલેક્ટર રાણા વસ્યાએ ખાતરી આપી હતી કે યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધા માટે પૂરતા પગલાં લેવામાં આવશે. આ બેઠકમાં એસ.પી. હર્ષદ મહેતા, સુબોધ ઓડેદરા અને ચરણસિંહ ગોહિલ જેવા અધિકારીઓએ કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે મંતવ્યો રજૂ કર્યા હતા. મેયર ધર્મેશભાઈ અને મહાનગરપાલિકાના પદાધિકારીઓએ શહેરના સુશોભન અને પાયાની જરૂરિયાતો પૂરી પાડવા માટેની તૈયારીઓ બતાવી હતી. ગૌરવ રૂપારેલીયા અને પુનિત શર્મા સહિતના અગ્રણીઓએ પણ આ ધાર્મિક મેળામાં શ્રદ્ધાળુઓને કોઈ અગવડ ન પડે તે માટે સહયોગની ખાતરી આપી હતી. અંતમાં, મેળાના સફળ સંચાલન માટે તમામ વિભાગો વચ્ચે સંકલન સાધવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**રિપોર્ટ આશિષ વસાવડા**



**જૂનાગઢના ભવનાથ ખાતે આગામી મહાશિવરાત્રી મેળાના આયોજન સંદર્ભે સંતો-મહંતો અને વહીવટી તંત્રની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં સાધુ સમાજના અગ્રણીઓ અને કલેક્ટર સહિતના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી મેળાની વ્યવસ્થાઓ અને સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.**

# લોકોના આરોગ્ય સાથે ચેડાં, કલેક્ટરે લીધા એક્શન

**દૈનિક પલ્સ સમાચાર:** શું વહીવટી તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું હોય છે? વડાલીની જનતા છેલ્લા કેટલાય સમયથી દૂષિત પાણીની પીડા સહન કરી રહી છે, છતાં પાલિકાના સત્તાધીશોના પેટનું પાણી હલતું નહોતું. આખરે જ્યારે રહીશોનું આરોગ્ય જોખમમાં મુકાયું ત્યારે સાબરકાંઠા કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક બોલાવવી પડી. આ બેઠક એ સાબિતી છે કે સ્થાનિક લેવલે પાલિકા અને અધિકારીઓ સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છે.

મામલતદાર હર્ષવર્ધન પરમાર હવે અઠવાડિયામાં શુદ્ધ પાણીનો વાયદો કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે નગરની પાણીની લાઈનોમાં ઠેર ઠેર પંચર અને લીકેજ છે. આ લીકેજમાં ગટરના પાણી ભળતા હોવાની ભીતિ છે. તંત્ર હવે 'યુદ્ધના ધોરણે' કામગીરીની વાતો કરે છે, પણ સવાલ એ થાય કે આ યુદ્ધ પહેલા કેમ ન લડાયું? રાઉન્ડ ધ ક્લોક તપાસ અને ક્લોરિનેશનના આદેશ અત્યારે અપાયા, જે પાલિકાની કાયમી જવાબદારી હતી. GUDMની ટીમ બોલાવવી પડી એનો અર્થ એ કે સ્થાનિક તંત્ર પાસે ન તો ટેકનિકલ સૂઝ છે કે ન તો ઈચ્છાશક્તિ. વડાલીના લોકો અત્યારે આંતરે દિવસે 2 MLD પાણી મેળવે છે અને તે પણ શંકાસ્પદ શુદ્ધતાવાળું. શું સાત દિવસમાં વર્ષોની નિષ્ફળતા ઢંકાઈ જશે? **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



# ગાભોઈ: યુવતીનો બિભત્સ ફોટો વાયરલ કરનાર 2 નરાધમો ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સોશિયલ મીડિયા પર ફેક આઈડી બનાવીને મહિલાઓની પજવણીના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. હિંમતનગરના ગાભોઈ પોલીસ મથકની હદમાં આવેલ વાવડી ગામના બે શખ્સોએ માનવતાની હદ વટાવી દીધી છે. આ બંને આરોપીઓએ મહિલાના અસલી ફોટાને એડિટ કરી તેને બિભત્સ સ્વરૂપ આપી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા. પીડિતાની ગરિમાને ઠેસ પહોંચાડવા માટે ફેક ઇન્સ્ટાગ્રામ આઈડીનો સહારો લેવામાં આવ્યો હતો. ભોગ બનનાર મહિલાએ ડરવાને બદલે કાયદાનો આશરો લીધો અને ગાભોઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ઉગ્ર તપાસ હાથ ધરી સાયબર ક્રાઈમની કડીઓ જોડી હતી અને ગણતરીના સમયમાં વાવડી ગામના આ બંને આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ મહિલાને બદનામ કરવાના હેતુથી આ કૃત્ય આચરતા હતા. જોકે, પોલીસની આ સફળતા વચ્ચે મોટો સવાલ એ છે કે શું કાયદો આ ગુનેગારોને એટલી કડક સજા આપશે કે અન્ય કોઈ આવી હિંમત ન કરે? વિકૃત માનસિકતા ધરાવતા આવા શખ્સો સમાજ માટે ખતરો છે. ગાભોઈ પોલીસે હાલ બંને વિરુદ્ધ ગુનો નોંધી જેલ હવાલે કર્યા છે.

**રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠાના ગાભોઈમાં સાયબર માફિયાઓનો આતંક સામે આવ્યો છે. ઇન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી મહિલાના ફોટા એડિટ કરી બિભત્સ રીતે વાયરલ કરવાની ધમકી આપનાર વાવડી ગામના બે આરોપીઓને પોલીસે દબોચી લીધા છે. સોશિયલ મીડિયા હવે ગુનેગારોનું હથિયાર બની રહ્યું છે.**




# ઈડર: રેલ્વે ફાટક પાસે જર્જરિત ટાંકી બની 'મોતનો કૂવો'

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના ઈડર શહેરમાં સરકારી તંત્રની નરી બેદરકારી અને માનવ જિંદગી પ્રત્યેની બેદરકારીનો જીવતો જાગતો નમૂનો એટલે રેલ્વે ફાટક વિસ્તારની પાણીની ટાંકી. વર્ષોથી આ ટાંકી જર્જરિત હાલતમાં ઉભી છે, જેના પોપડા ઉખડી રહ્યા છે અને સળિયા દેખાઈ રહ્યા છે. આ વિસ્તારના રહેવાસીઓ સતત ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. નગરપાલિકાની કામગીરી શંકાના દાયરામાં છે, કારણ કે તેઓ સમસ્યા ઉકેલવાને બદલે લોકોની જવાબદારી હોવાનું બોર્ડ મારીને છટકી રહ્યા છે.

આ પ્રશ્ન માત્ર ટાંકીનો નથી, પણ તંત્રની નિષ્ફળતાનો છે. પાલિકામાં વહીવટદાર તરીકે તાલુકા મામલતદાર પૂજા જોષીની નિમણૂક કરવામાં આવી છે, પરંતુ સ્થાનિક લોકોનો ગંભીર આક્ષેપ છે કે નીચેના સ્તરના અધિકારીઓ તેમને સાચી માહિતી આપતા નથી. સત્ય પર પડદો નાખવા માટે સરકારી કાગળિયાઓનો ખેલ ખેલાઈ રહ્યો હોય તેમ જણાય છે. ખાનગી ન્યૂઝ ચેનલો અને પત્રકારો દ્વારા જ્યારે આ મુદ્દો ઉઠાવવામાં આવે છે, ત્યારે વહીવટદારના નામે ઢાલ બનાવીને જવાબદાર અધિકારીઓ બચી રહ્યા છે. વિસ્તારના લોકોની એક જ માંગ છે કે 'નોટિસના ખેલ' બંધ કરી નક્કર કામગીરી કરવામાં આવે. સરકારી ધોરણે આ ટાંકીને તાત્કાલિક હટાવી નવી ટાંકી બનાવવામાં આવે જેથી સેંકડો લોકોના જીવ જોખમમાં મુકાતા બચે. શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈને બેઠું છે? કે પછી તંત્રના કાન સુધી લોકોની ચીસ પહોંચતી નથી? આ એક એવો સવાલ છે જેનો જવાબ ઈડરની જનતા આજે માંગી રહી છે. જો સત્વરે નિકાલ નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન થાય તેવી પણ શક્યતા છે. **રિપોર્ટ : જનક જાદવ**



# ગુજરાત કેબિનેટનો મોટો નિર્ણય: 1 એપ્રિલથી 18 દાખલા ઓનલાઈન મળશે

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતની ભાજપ સરકાર દ્વારા 'ડિજિટલ ગુજરાત'ના સંકલ્પને વધુ મજબૂત બનાવતો એક મોટો નિર્ણય આજની કેબિનેટ બેઠકમાં લેવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યત્વે શિક્ષણ અને સામાન્ય વહીવટ વિભાગને સ્પર્શતા મહત્વના સુધારાઓ પર મહોર મારવામાં આવી છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ બેઠકની વિગતો આપતા જણાવ્યું કે, દર વર્ષે શાળા-કોલેજોમાં એડમિશન સમયે વાલીઓને વિવિધ દાખલાઓ મેળવવા માટે ભારે હાલાકી વેઠવી પડતી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ રૂપે, સરકાર 1 એપ્રિલથી આવકના દાખલા અને જાતિના પ્રમાણપત્ર સહિતના કુલ 18 મહત્વના દસ્તાવેજો ઓનલાઇન ઉપલબ્ધ કરાવશે. આ પ્રક્રિયા સંપૂર્ણપણે 'ફેસલેસ' રહેશે, એટલે કે નાગરિકોએ કચેરીએ રૂબરૂ જવાની જરૂર રહેશે નહીં. આ ઐતિહાસિક નિર્ણયનો સીધો લાભ રાજ્યના અંદાજે 80 લાખ લોકોને મળશે.

કૃષિ ક્ષેત્રની વાત કરતા તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં 59 લાખ ખેડૂતોનું રજિસ્ટ્રેશન પૂર્ણ કરીને સરકારે ડેટાબેઝ મજબૂત કર્યો છે, જેનાથી ભવિષ્યમાં સહાય વિતરણમાં વધુ સરળતા રહેશે. કેબિનેટમાં માત્ર વહીવટી જ નહીં, પણ સાંસ્કૃતિક મુદ્દાઓની પણ ચર્ચા થઈ હતી. કોંગ્રેસ દ્વારા કલાકારો પર કરવામાં આવેલી કથિત ટિપ્પણીઓના જવાબમાં વાઘાણીએ કડક શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું કે કલાકારો આપણા સાંસ્કૃતિક વારસાના રક્ષકો છે અને ભૂપેન્દ્ર પટેલની સરકાર ભવાઈ કરતા કલાકારોથી લઈને સાહિત્યકારો સુધી તમામનું સન્માન કરે છે. તેમણે કોંગ્રેસ પર સનાતન વિરોધી અને વોટબેંકની રાજનીતિ કરવાનો આક્ષેપ કરતા કહ્યું કે વિપક્ષે લોક સ્વીકૃતિ ગુમાવી દીધી છે. આમ, આજની કેબિનેટ બેઠક વહીવટી પારદર્શિતા, ખેડૂત કલ્યાણ અને સાંસ્કૃતિક ગૌરવના મુદ્દાઓ પર કેન્દ્રિત રહી હતી.

**ગાંધીનગરમાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઐતિહાસિક નિર્ણય લીધો છે. આગામી 1 એપ્રિલથી આવક અને જાતિના દાખલા સહિત 18 જેટલા વિવિધ પ્રમાણપત્રો ઓનલાઇન મળશે, જેનાથી રાજ્યના 80 લાખ લોકોને સરકારી કચેરીઓના ધક્કામાંથી મુક્તિ મળશે.**

# અમરાઈવાડીમાં સંત રવિદાસ જયંતિ નિમિત્તે જનજાગૃતિ કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વ હિન્દુ પરિષદ - અમરાઈવાડી જિલ્લા દ્વારા સંત શ્રી રવિદાસજીની જન્મજયંતિ નિમિત્તે ઇન્દ્રપુરી પ્રખંડના આંબેડકર કોર્ટસ ખાતે 'સામાજિક સમરસતા સંગોષ્ઠિ' કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે યુવા અગ્રણી મહાવીરભાઈ ડાભી (માઇકલ ડાભી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, સમાજમાં સમરસતા લાવવી એ સમયની માંગ છે. સાથે જ તેમણે પર્યાવરણની જાળવણી અને યુવાનોને મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોમાં જોડાઈ દેશને આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા રશેશભાઈ રાવલે સંત રવિદાસજીના જીવન અને તેમના વિચારો પર પ્રકાશ પાડી સૌને એકતાના તાંતણે બંધાવા શીખ આપી હતી. આ અવસરે અમરાઈવાડી જિલ્લા મંત્રી ભરતસિંહ ઝાલા અને ચંદ્રસિંહ ચાવડા સહિત અનેક કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ સંગોષ્ઠિ દ્વારા સમાજમાં સમાનતા અને રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. **રિપોર્ટ : જગદીશ**




# વ્યાજખોરોનો ત્રાસ: હિંમતનગરમાં યુવકની આત્મહત્યા, આરોપી જેલભેગા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં વ્યાજખોરીનું નેટવર્ક એટલું મજબૂત બન્યું છે કે હવે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે જીવવું મુશ્કેલ બન્યું છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાંથી સામે આવેલી સરવણા ગામની ઘટના સિસ્ટમની નિષ્ફળતા અને વ્યાજખોરોની નિર્દયતાની ચાડી ખાય છે. વ્યાજખોરોના સતત ત્રાસ અને ધમકીઓથી કંટાળીને એક લાચાર વ્યક્તિએ આખરે મોતનો માર્ગ પસંદ કર્યો. ઝેરી દવા પીને જીવનનો અંત લાવનાર આ વ્યક્તિ વ્યાજખોરોના પંજામાં એવી રીતે ફસાયો હતો કે તેની મહેનતની કમાણીથી લીધેલી કાર પણ વ્યાજખોરોએ પચાવી પાડી હતી. આ કરુણ ઘટના બાદ ગાભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ અને પોલીસે તપાસ હાથ ધરી આરોપીઓની ધરપકડ કરી છે. પરંતુ પ્રશ્ન એ ઉભો થાય છે કે શું ધરપકડ માત્ર પૂરતી છે? તપાસના અનુભવો જણાવે છે કે વર્ષો સુધી કેસો ચાલ્યા કરે છે અને અંતે કોઈ પરિણામ આવતું નથી. વ્યાજખોરો જામીન પર છૂટીને ફરી નવો શિકાર શોધે છે. પોલીસ તપાસમાં વિલંબ અને પુરાવાઓના અભાવે અનેક વ્યાજખોરો છૂટી જાય છે, જ્યારે પીડિત પરિવારો ન્યાય માટે દર-દર ભટકે છે.

હિંમતનગરની આ ઘટના એ લાલબત્તી સમાન છે. જો વ્યાજખોરો વિરુદ્ધ દાખલા બેસે તેવી કાર્યવાહી નહીં કરવામાં આવે, તો આત્મહત્યાના આ આંકડાઓ વધતા જ રહેશે. પોલીસ માટે આ માત્ર એક ગુનો હોઈ શકે, પણ એક પરિવાર માટે તેમનો આધાર છીનવાઈ ગયો છે. હવે જોવાનું એ રહેશે કે ગાભોઈ પોલીસ આ કેસમાં કેટલી ઝડપથી ન્યાય અપાવે છે કે પછી આ કેસ પણ અન્ય કેસોની જેમ ફાઈલોમાં દબાઈને રહી જશે.

**રિપોર્ટ : જનક જાદવ**



**રાજ્યમાં વ્યાજખોરોનો આતંક યથાવત છે. હિંમતનગરના સરવણા ગામમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી એક વ્યક્તિએ ઝેરી દવા પી આત્મહત્યા કરી. પોલીસે કાર પડાવી લેનાર આરોપીઓની ધરપકડ કરી છે, પરંતુ સિસ્ટમ સામે સવાલો ઊભા થયા છે.**

# ડભોઈ: ભારત ટોકીઝ પાસે મોતનો થાંભલો, તંત્ર મોટી હોનારતની રાહમાં?

## ડભોઇ: સડેલા વીજ થાંભલાથી 400 બાળકોના જીવ જોખમમાં

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના ડભોઇ શહેરમાં સરકારી તંત્રની લાપરવાહી જ્યારે સીમા વટાવે છે, ત્યારે તેની આકરી કિંમત નિર્દોષ નાગરિકોએ ચૂકવવી પડે છે. ડભોઇના અત્યંત વ્યસ્ત અને આર્થિક કેન્દ્ર ગણાતા ભારત ટોકીઝ ચાર રસ્તા પાસેની સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) ની ઘોર બેદરકારીને કારણે અહીં એક લોખંડનો વીજ થાંભલો રાહદારીઓ માટે 'જીવતો બોમ્બ' બનીને ઊભો છે. આ થાંભલો એટલી હદે જર્જરિત થઈ ગયો છે કે તેના પાયાનો લોખંડનો ભાગ સડીને પૂરો થઈ ગયો છે અને અત્યારે તે જમીનથી ત્રણ-ચાર ઇંચ ઊંચો હવામાં લટકી રહ્યો છે. આખો થાંભલો જોખમી રીતે એક તરફ નમી ગયો છે અને માત્ર જીવંત વીજ વાયરોના ટેકે તે ઊભો છે. આ કોઈ સામાન્ય બેદરકારી નથી, પણ સ્પષ્ટપણે ગુનાહિત લાપરવાહી છે. ભારત ટોકીઝ ચોકડી એ ડભોઇનો એવો વિસ્તાર છે જ્યાંથી રોજના હજારો લોકો અને વાહનો પસાર થાય છે. સૌથી વધુ ચોંકાવનારી અને હૃદયદ્રાવક બાબત એ છે કે આ મોતની નજીક જ એક પ્રાથમિક શાળા આવેલી છે. શાળાના અંદાજે 400થી વધુ નાના ભૂલકાઓ રોજ આ જર્જરિત થાંભલા પાસેથી જ પસાર થાય છે. રમત-ગમતના સમયે કે શાળા છૂટતી વખતે જો આ થાંભલો ધરાશાયી થાય અને વીજ કરંટ ફેલાય, તો સર્જાનારી હોનારતની કલ્પના માત્રથી ધ્રુજારી છૂટી જાય તેમ છે. વાલીઓ અત્યારે ભારે ફફડાટમાં છે કે શું તેમનું બાળક સાંજે સહી સલામત ઘરે આવશે?

સ્થાનિક રહીશો અને સામાજિક કાર્યકરો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, MGVCL ના સત્તાધીશો જાણે ઘોર નિંદ્રામાં હોય તેમ જણાય છે. મેન્ટેનન્સ અને રીપેરીંગના નામે લાખો રૂપિયાના ટેન્ડરો અને બિલ ફાડતી આ કંપનીને આટલું મોટું જોખમ નજરે નથી ચડતું તે એક મોટો સવાલ છે. શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? શું કોઈનો જીવ જશે ત્યારે જ અહીં નવો થાંભલો નંખાશે? ડભોઇની જાગૃત જનતા હવે આકરા મૂડમાં છે અને "મોત પહેલાં સમારકામ કરો" ની માંગ બુલંદ કરી રહી છે. જો આગામી દિવસોમાં આ થાંભલો બદલવામાં નહીં આવે અને કોઈ દુર્ઘટના ઘટશે, તો તેની સંપૂર્ણ જવાબદારી MGVCL ના ઉચ્ચ અધિકારીઓની રહેશે.



**ડભોઇના ભારત ટોકીઝ વિસ્તારમાં MGVCLની જીવલેણ લાપરવાહી સામે આવી છે. નીચેથી સડી ગયેલો એક લોખંડનો વીજ થાંભલો માત્ર વાયરોના સહારે હવામાં લટકી રહ્યો છે, જે હજારો રાહદારીઓ અને શાળાના માસૂમ બાળકો માટે 'ડેથ વોરન્ટ' સમાન બની ગયો છે.**

# ડભોઈ: મકાઈની MSP ભાવે ખરીદી શરૂ કરવા કલેક્ટરને આવેદન

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઈ તાલુકાના કૃષિ જગતમાં હાલ મકાઈના પાકને લઈને ભારે મથામણ ચાલી રહી છે. રેકોર્ડબ્રેક વાવેતર અને પાક તૈયાર થવાની આરે હોવા છતાં, ખેડૂતોને યોગ્ય ભાવ મળશે કે કેમ તે મોટો પ્રશ્ન છે. લઘુત્તમ ટેકાના ભાવ (MSP) થી ખરીદી કરવાની સરકારની જાહેરાત છતાં, હજુ સુધી ખરીદીના કોડ ન ખુલતા ખેડૂત હિત રક્ષક સમિતિએ વડોદરા જિલ્લા વહીવટી તંત્રના દ્વાર ખખડાવ્યા છે. ડભોઈ એ.પી.એમ.સી.ના ડિરેક્ટર ધવલ પટેલના નેતૃત્વમાં ખેડૂતોનું એક પ્રતિનિધિમંડળ કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યું હતું. તેમણે રજૂઆત કરી હતી કે ડભોઈ અને તેની આસપાસના તાલુકાઓ મકાઈના ઉત્પાદનનું મુખ્ય હબ છે. જો સમયસર સરકારી ખરીદી કેન્દ્રો શરૂ કરવામાં ન આવે, તો ખેડૂતોએ ખુલ્લા બજારમાં વચેટિયાઓ અને વેપારીઓના ઓછાં ભાવે લૂંટાવું પડશે. આવેદનપત્રમાં એ બાબતે ભાર મૂકવામાં આવ્યો હતો કે ખેતીના ખર્ચમાં ધરખમ વધારો થયો છે, તેવા સમયે જો ખેડૂતને ટેકાના ભાવ ન મળે તો તે દેવાદાર બની જાય છે.

આ રજૂઆત બાદ વડોદરા કલેક્ટર કચેરીના અધિકારીઓએ ખેડૂતોને આશ્વાસન આપ્યું હતું કે મકાઈની MSP ભાવથી ખરીદી માટે જે ટેકનિકલ કોડ ખોલવાના બાકી છે, તે અંગે ઉચ્ચ સ્તરે રજૂઆત કરી પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવશે. જોકે, ખેડૂત સમિતિએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ આશ્વાસન માત્ર કાગળ પર સીમિત ન રહેવું જોઈએ. અગાઉ પણ અનેકવાર પ્રક્રિયામાં વિલંબને કારણે ખેડૂતો નુકસાન વેઠી ચૂક્યા છે. જો ટૂંક સમયમાં મકાઈની ખરીદી માટેની વ્યવસ્થા ગોઠવવામાં નહીં આવે, તો ખેડૂત હિત રક્ષક સમિતિ હજારો ખેડૂતો સાથે મળીને ગાંધીચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે. અત્યારે ડભોઈ તાલુકાના ખેડૂતોની નજર સરકારના પોર્ટલ પર છે કે ક્યારે કોડ ખુલે અને ક્યારે તેમને પરસેવાની સાચી કિંમત મળે.

**ડભોઈ તાલુકામાં મકાઈના રેકોર્ડબ્રેક વાવેતર વચ્ચે ખેડૂતોમાં ચિંતા છે. ખેડૂત હિત રક્ષક સમિતિએ વડોદરા કલેક્ટરને આવેદન આપી મકાઈની ટેકાના ભાવે (MSP) ખરીદી કરવા અને તાત્કાલિક ઓનલાઈન કોડ ખોલવા માંગ કરી છે.**




# 📰 બજેટમાં રેલ્વે વિકાસ માટે મજબૂત ફાળવણી – કુલદીપ સંઘવી

**કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા તાજેતરના બજેટમાં રેલ્વે ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલી નોંધપાત્ર ફાળવણી બદલ હું સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ બજેટમાં રેલ્વે માળખા વિકાસ, મુસાફર સુવિધાઓમાં સુધારો, આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ અને ગ્રીન પરિવહન વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જે દેશના લાંબા ગાળાના વિકાસ માટે મહત્વપૂર્ણ છે.**

**રેલ્વે માટે બજેટની મુખ્ય સકારાત્મક બાબતો (Figures સાથે):**

**▶️ ₹2.5 લાખ કરોડથી વધુ રેલ્વે કેપિટલ એક્સપેન્ડિચર**
**નવી રેલ લાઈનો, ટ્રેક ડબલિંગ, બ્રિજ-ટનલ, ઈલેક્ટ્રિફિકેશન તથા આધુનિક સિગ્નલિંગ માટે આ ફાળવણી ઐતિહાસિક છે.**

**▶️ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 1,300થી વધુ સ્ટેશનોનું વિકાસ કાર્ય**
**સ્ટેશનો પર સ્વચ્છતા, સુરક્ષા, લિફ્ટ–એસ્કેલેટર, વેઈટિંગ એરિયા અને મુસાફર સુવિધાઓમાં ગુણાત્મક સુધારો થશે.**

**▶️ વંદે ભારત જેવી આધુનિક ટ્રેનોનું વિસ્તરણ**
**ઝડપી, આરામદાયક અને સુરક્ષિત મુસાફરી દ્વારા સામાન્ય નાગરિકનો સમય અને ખર્ચ બચશે.**

**▶️ 100% ઈલેક્ટ્રિફિકેશન અને ગ્રીન રેલ્વે પર ભાર**
**ડિઝલ પર આધાર ઘટાડીને પર્યાવરણને અનુકૂળ તથા ખર્ચ અસરકારક પરિવહન વ્યવસ્થા વિકસશે.**

**▶️ ફ્રેઈટ અને લોજિસ્ટિક્સ ક્ષમતામાં વધારો**
**ઉદ્યોગ, વેપાર અને કૃષિ ક્ષેત્રને ઝડપી અને વિશ્વસનીય પરિવહન મળવાથી દેશની અર્થવ્યવસ્થાને નવી ગતિ મળશે.**

**આ તમામ બજેટી નિર્ણયો દ્વારા Indian Railways વધુ સશક્ત બનશે અને અમદાવાદ સહિત સમગ્ર દેશમાં મુસાફરો, વેપારીઓ તથા યુવાનોને લાંબા ગાળે લાભ મળશે.**

**દેશના સર્વાંગી વિકાસ અને આધુનિક ભારતના નિર્માણ માટે લેવાયેલા આ દૃઢ પગલાં બદલ હું કેન્દ્ર સરકારનો ફરી એકવાર આભાર માનું છું.**

—

**કુલદીપ સંઘવી**
**Ex. SCC Member**
**ADI Railway Station (Ahmedabad)**




# ઓપરેશન પરાક્રમ: 6 વર્ષથી નાસતો ફરતો ગાંજાનો સપ્લાયર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન પરાક્રમ' ને વધુ એક સફળતા મળી છે. એસઓજી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) એ છ વર્ષથી પોલીસની પકડથી દૂર રહેતા વોન્ટેડ આરોપી મોતીરામ ઉર્ફે મીઠીયા ચૌહાણને પકડવામાં મોટી સફળતા મેળવી છે. આ આરોપી વર્ષ 2020 માં ડભોઇ વિસ્તારમાં પકડાયેલા 80 કિલો ગાંજાના મોટા જથ્થાના કેસમાં મુખ્ય કડી હતો. તે સમયે માત્ર બે શખ્સોની ધરપકડ થઈ શકી હતી, જ્યારે મુખ્ય સપ્લાયર મોતીરામ ફરાર થઈ ગયો હતો.

ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક સી.એન. ચૌધરી અને સુશીલ અગ્રવાલની સૂચના મુજબ, એસઓજીની વિવિધ ટીમોએ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી આરોપીનું લોકેશન મધ્યપ્રદેશના સેંધવા તાલુકાના બડવાની જિલ્લામાં શોધી કાઢ્યું હતું. એસઓજીની ટીમ દ્વારા ત્યાં ઓચિંતી કાર્યવાહી કરીને આરોપીને દબોચી લેવામાં આવ્યો હતો. આરોપીના ઇતિહાસની તપાસ કરતા જાણવા મળ્યું કે તેની સામે મધ્યપ્રદેશના વરલા પોલીસ સ્ટેશનમાં પણ અનેક ગંભીર ગુનાહિત ઇતિહાસ નોંધાયેલા છે. આરોપીની અટકાયત બાદ તેને આગળની કાયદેસરની તપાસ અને કાર્યવાહી માટે ડભોઇ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ ઓપરેશનમાં પી.આઈ. બી.એન. ગોહિલ, પી.એસ.આઈ. પી.જે. પટેલ અને તેમની ટીમની કામગીરી ખૂબ જ મહત્વની રહી હતી, જેના કારણે આંતરરાજ્ય ડ્રગ નેટવર્ક સાથે સંકળાયેલા એક મોટા આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી શકાયો છે.



# સુરતમાં લવ જેહાદની હેવાનિયત: યુવતીને નશીલા ઈન્જેક્શન આપી દુષ્કર્મ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં બનેલી આ ઘટના સમાજ અને પોલીસ તંત્ર માટે લાલબત્તી સમાન છે. એક તરફ 'ડિજિટલ ઇન્ડિયા'ની વાતો થાય છે, ત્યારે બીજી તરફ સોશિયલ મીડિયા આધુનિક હેવાનો માટે શિકાર કરવાનું સાધન બની ગયું છે. મહંમદ તોહીદુલ જેવા તત્વો હિન્દુ નામ ધારણ કરી હિન્દુ યુવતીઓને નિશાન બનાવી રહ્યા છે, જે સ્પષ્ટપણે એક ઊંડા કાવતરા તરફ નિર્દેશ કરે છે. 20 દિવસ સુધી એક યુવતીને હોટલોમાં નશાકારક ઈન્જેક્શન આપીને પીંખવામાં આવી, છતાં કોઈને ગંધ સુદ્ધાં ન આવી તે હોટલ મેનેજમેન્ટ અને સ્થાનિક ગુપ્તચર તંત્રની નિષ્ફળતા છે.

આરોપીઓએ માત્ર દુષ્કર્મ જ નથી આચર્યું, પણ યુવતીના ઘરેણાં લૂંટી તેને દેહવેપારના દલદલમાં ધકેલવાની પેરવી પણ કરી હતી. પીડિતાએ હિંમત દાખવી ભાગીને પોલીસનો સંપર્ક કર્યો, નહીંતર કદાચ આ કિસ્સો ક્યારેય બહાર જ ન આવ્યો હોત. વેઈટર અને દરજી તરીકે કામ કરતા આ શખ્સો પાસે નશીલા ઈન્જેક્શન ક્યાંથી આવ્યા? શું આ કોઈ મોટા ડ્રગ અને સેક્સ રેકેટનો ભાગ છે? રાંદેર પોલીસે બે દિવસના રિમાન્ડ તો મેળવ્યા છે, પણ આવી ઘટનાઓ રોકવા માટે માત્ર ધરપકડ પૂરતી નથી. આવા નરાધમોને એવી સજા મળવી જોઈએ કે ભવિષ્યમાં કોઈ ઓળખ છુપાવી કોઈની જિંદગી સાથે રમવાની હિંમત ન કરે.



**સુરત હવે હવસખોરો અને ઓળખ છુપાવતા જેહાદી તત્વોનું સુરક્ષિત આશ્રયસ્થાન બની રહ્યું હોય તેમ લાગે છે. રાજસ્થાનના કોટાની 21 વર્ષીય યુવતીને પ્રેમજાળમાં ફસાવી સુરત બોલાવી, બે નરાધમોએ તેની જિંદગી નરક બનાવી દીધી. મહંમદ તોહીદુલે 'રોહિત' નામ ધારણ કરી યુવતીનો વિશ્વાસ જીત્યો અને ત્યારબાદ અમન વર્મા સાથે મળી તેને હોટલોમાં ગોંધી રાખી. નશીલા ઈન્જેક્શન આપી 20 દિવસ સુધી પશુ સમાન અત્યાચાર ગુજાર્યો. શું સુરતની હોટલોમાં ચાલતા આવા ગોરખધંધા પર તંત્રની કોઈ લગામ નથી?**

# થરાદ: લોરવાડામાં સહાયના નામે ખેલ, 75% ખેડૂતો ન્યાયથી વંચિત

## થરાદ: પાક સહાયમાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે કલેક્ટરને રજૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ પંથકના લોરવાડા ગામમાં સરકારી સહાયના વિતરણમાં લાગેલી ભ્રષ્ટાચારની ઉધઈ હવે જાહેરમાં આવી ગઈ છે. લોરવાડાના ખેડૂતોએ જિલ્લા કલેક્ટર કચેરીમાં જે આવેદનપત્ર આપ્યું છે, તે કોઈ સામાન્ય રજૂઆત નથી પણ તંત્રની નિંભરતા સામેનો આક્રોશ છે. વરસાદે જે ખેડૂતોના મોઢાનો કોળિયો છીનવી લીધો હતો, તેમને મળનારી મામૂલી સહાયમાં પણ વચેટિયાઓએ લૂંટ ચલાવી હોવાનું બહાર આવ્યું છે. ખેડૂતોએ લેખિતમાં સણસણતા આક્ષેપ કર્યા છે કે ગ્રામ પંચાયતના VCE (વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર) એ પોતાની સત્તાનો ઉપયોગ ખેડૂતોની સેવા માટે નહીં પણ કમાણી કરવા માટે કર્યો છે. આક્ષેપ મુજબ, VCE એ ગામના 75 ટકા ખેડૂતોને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ કે પ્રક્રિયા અંગે કોઈ જ જાણકારી આપી નહોતી. જ્યારે પોર્ટલ બંધ થવાનો સમય આવ્યો ત્યારે ગુપચુપ રીતે માત્ર પોતાના માનીતા અને નાણાકીય વ્યવહાર કરનારા 25 ટકા ખેડૂતોના જ ડેટા એન્ટ્રી કરવામાં આવી હતી. આ ઘટના એ સાબિત કરે છે કે સરકારી ડિજિટલ સેવાઓ સામાન્ય ખેડૂત માટે આશીર્વાદને બદલે શ્રાપ બની રહી છે કારણ કે તેની ચાવી આવા ભ્રષ્ટ વચેટિયાઓના હાથમાં છે. પરિસ્થિતિ અત્યંત ગંભીર છે, કારણ કે લોરવાડા એવું ગામ છે જ્યાં વરસાદી પાણીએ ખેતરોમાં મોટા ખાડા પાડી દીધા છે અને ફળદ્રુપ જમીન ધોવાઈ ગઈ છે. ખેડૂતો પાસે હવે નવા વાવેતર માટે મૂડી પણ બચી નથી. તેવામાં 75 ટકા ખેડૂતોને સહાયની યાદીમાંથી બાકાત રાખવા એ તેમની આત્મહત્યાને આમંત્રણ આપવા સમાન છે. ખેડૂતોએ કલેક્ટરને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જો બાકી રહી ગયેલા તમામ ખેડૂતોને ન્યાય નહીં મળે અને ફરીથી પારદર્શક સર્વે નહીં થાય, તો તેઓ ઉગ્ર આંદોલન છેડશે. સવાલ એ ઊભો થાય છે કે શું તાલુકા વિકાસ અધિકારી (TDO) કે મામલતદારને આ ગેરરીતિની ગંધ સુદ્ધાં ન આવી? કે પછી 'ઉપર' સુધી હિસ્સો પહોંચી રહ્યો છે? લોરવાડાના ખેડૂતોની આ વેદના ગાંધીનગર સુધી પહોંચવી જોઈએ. આ માત્ર એક ગામની વાત નથી, થરાદના અનેક ગામોમાં આવી ફરિયાદો ઉઠી રહી છે. જો સરકાર ખરેખર ખેડૂત હિતલક્ષી હોવાનો દાવો કરતી હોય, તો આ VCE સામે તાત્કાલિક તપાસ બેસાડી તેને જેલના સળિયા પાછળ ધકેલવો જોઈએ અને બાકી રહેલા ખેડૂતોને વહેલી તકે વળતર ચૂકવવું જોઈએ.



**ડભોઇના ભારત ટોકીઝ વિસ્તારમાં MGVCLની જીવલેણ લાપરવાહી સામે આવી છે. નીચેથી સડી ગયેલો એક લોખંડનો વીજ થાંભલો માત્ર વાયરોના સહારે હવામાં લટકી રહ્યો છે, જે હજારો રાહદારીઓ અને શાળાના માસૂમ બાળકો માટે 'ડેથ વોરન્ટ' સમાન બની ગયો છે.**

# ઉચપા: BSF તાલીમ પૂર્ણ કરી વતન પરત ફરેલા જવાનનું ભવ્ય સ્વાગત

**દૈનિક પલ્સ સમાચાર:** સરહદની સુરક્ષા માટે સજ્જ થતા જવાનો પ્રત્યે દેશવાસીઓનો પ્રેમ અપરંપાર હોય છે, જેનું ઉત્તમ ઉદાહરણ ધરણીધર તાલુકાના ઉચપા ગામમાં જોવા મળ્યું છે. ગામના હીરા સમાન નગિનભાઈ હરીભાઈ વેણે પશ્ચિમ બંગાળના તાલીમ કેન્દ્રમાં BSFની કઠોર તાલીમ પૂરી કરી રાષ્ટ્રસેવા માટે સજ્જ થયા છે. તાલીમ બાદ પોતાના વતનમાં પ્રથમ વખત પધારી રહેલા નગિનભાઈના આગમનને યાદગાર બનાવવા પરિવારજનોએ કોઈ કમી રાખી નહોતી.

સ્વાગત કાર્યક્રમની શરૂઆત થરાદથી થઈ હતી, જ્યાં દેશભક્તિના માહોલ વચ્ચે નગિનભાઈએ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ત્યાંથી શરૂ થયેલી ડીજે રેલીમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને રાષ્ટ્રધ્વજ સાથે દેશભક્તિના નારા લગાવ્યા હતા. આ રેલી જ્યારે ઉચપા ગામની સીમમાં પહોંચી ત્યારે ગ્રામજનોએ ભાવુક થઈને જવાનનું સ્વાગત કર્યું હતું. ગામની દીકરીઓએ કુમકુમ તિલક કરી તેમને વધાવ્યા હતા. ગ્રામજનોનું કહેવું છે કે નગિનભાઈની આ સફળતા ગામના અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બનશે. આ સ્વાગત સમારોહ માત્ર એક જવાનનું સન્માન નથી, પરંતુ સમગ્ર ગામની દેશદાઝનું પ્રતીક છે. નગિનભાઈએ પણ પોતાની સફળતાનો શ્રેય માતા-પિતા અને ગ્રામજનોના આશીર્વાદને આપ્યો હતો. **રીપોર્ટ વશાભાઈ વાલડીયા**



**ધરણીધર તાલુકાના ઉચપા ગામના નગિનભાઈ વેણે પશ્ચિમ બંગાળમાં BSFની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી વતનમાં પગ મૂકતા તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. થરાદ ખાતે બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ ડીજેના તાલે ઉમળકાભેર સામૈયું કરવામાં આવ્યું હતું.**






# ગૌ-આધારિત ઉત્પાદનો: ડભોઈના ખેડૂતની પ્રેરણાદાયી સફર

**દૈનિક પલ્સ સમાચાર:** આજના આધુનિક યુગમાં વધતા જતા રાસાયણિક વસ્તુઓના વપરાશ વચ્ચે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના એક પ્રગતિશીલ ખેડૂતે ગૌ-સેવા અને આત્મનિર્ભરતાનો અનોખો સંગમ રચ્યો છે. 51 વર્ષીય ગિરીશભાઈ પંચાલે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવીને આર્થિક સમૃદ્ધિનો માર્ગ કંડાર્યો છે, જે અન્ય ખેડૂતો માટે દીવાદાંડી સમાન છે.

**તાલીમથી સફળતાની શરૂઆત:** ગિરીશભાઈની આ સફરની પ્રેરણા ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વિચારોમાંથી મળી છે. રાજ્યપાલશ્રી હંમેશા ગૌ-સંવર્ધન અને પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક મહત્વ પર ભાર મૂકે છે. આ વિચારોને અમલમાં મૂકવા ગિરીશભાઈએ વર્ષ 2024 માં કચ્છના અંજાર ખાતે આવેલા 'નીલકંઠ ગૌ વિજ્ઞાન કેન્દ્ર' માં પંચગવ્ય અને ગોબર ઉત્પાદનો બનાવવાની વ્યવસ્થિત તાલીમ મેળવી. આ તાલીમે તેમને ગૌ-સેવા સાથે સ્વાવલંબનનો દ્રઢ સંકલ્પ પૂરો પાડ્યો.

**વિવિધ ઉત્પાદનો અને વેચાણ:** આજે ગિરીશભાઈ અને તેમના પત્ની ગૌશાળાના છાણ અને ગૌમૂત્રમાંથી 17 થી વધુ પ્રકારની ઇકો-ફ્રેન્ડલી વસ્તુઓ બનાવે છે. આ શ્રેણીમાં પૂજા સામગ્રી, ઘર સુશોભન અને દૈનિક ઉપયોગની વસ્તુઓનો સમાવેશ થાય છે. મુખ્ય ઉત્પાદનોમાં ગોબરના દીવા, ધૂપ, હવન છાણા, ભગવાનની સુંદર મૂર્તિઓ, એન્ટી-રેડિયેશન ચિપ, રાખડી, આસન, સાબુ, દંતમંજન અને ફ્લોર ક્લિનરનો સમાવેશ થાય છે. આ ચીજોનું વેચાણ તેઓ વડોદરાના સયાજીગંજમાં ભરાતા 'સૃષ્ટિ હાટ' માં કરે છે. તેઓ ગર્વ સાથે જણાવે છે કે માત્ર રવિવારે બે-ત્રણ કલાકના વેચાણમાં જ તેમને 4 થી 5 હજાર રૂપિયાની આવક પ્રાપ્ત થાય છે.

**પ્રાકૃતિક ખેતી અને માસ્ટર ટ્રેનર તરીકેની ભૂમિકા:** ગિરીશભાઈ છેલ્લા 12 વર્ષથી પોતાની 10 વીઘા જમીનમાં સંપૂર્ણપણે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ખેતી કરી રહ્યા છે. તેઓ રાસાયણિક ખાતરોના બદલે ગાય આધારિત જીવામૃત અને ઘનજીવામૃતનો ઉપયોગ કરી ઘઉં, જુવાર અને દીવેલાનો સમૃદ્ધ પાક મેળવે છે. તેમની નિપુણતાને કારણે તેઓ છેલ્લા ચાર વર્ષથી 'આત્મા' પ્રોજેક્ટ સાથે જોડાઈને માસ્ટર ટ્રેનર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ આસપાસની ત્રણ ગ્રામ પંચાયતોના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની વૈજ્ઞાનિક તાલીમ આપી રહ્યા છે.


**અધ્યાત્મ અને પર્યાવરણનો સમન્વય:** ગિરીશભાઈનું જીવન પ્રકૃતિ પ્રત્યેના આદરથી ભરેલું છે. તેઓ દરરોજ પોતાના ઘરે અગ્નિહોત્ર હવન કરે છે, જેનાથી વાતાવરણ શુદ્ધ થાય છે. તેમનો સંદેશ સ્પષ્ટ છે: જો આપણે પર્યાવરણનું જતન કરીશું તો જ આવનારી પેઢી સુરક્ષિત રહેશે. ડભોઈના આ પંચાલ દંપતીનું કાર્ય ભલે નાનું જણાય, પરંતુ પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી તરફ આ એક ખૂબ મોટું અને મજબૂત કદમ છે. તેમની સફળતા ગાથા એ વાતની સાબિતી છે કે પ્રાકૃતિક જીવનશૈલી અપનાવીને પણ આજના જમાનામાં આર્થિક રીતે સદ્ધર થઈ શકાય છે. **અહેવાલ : સાગર**






# વાવ-ધરણીધર: પોર્ટલના પાપે 900 ખેડૂતો પાયમાલ, તંત્રની ઘોર બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના વાવ અને ધરણીધર તાલુકાના ખેડૂતો હાલ બેવડી આફતનો સામનો કરી રહ્યા છે; એક કુદરતી અને બીજી તંત્રની લાપરવાહી. જમીન સર્વે સહાયની જાહેરાત બાદ ખેડૂતોને આશા હતી કે તેમને થયેલા નુકસાનનું વળતર મળશે, પરંતુ વહીવટી તંત્રની ડિજિટલ નિષ્ફળતાએ હજારો ખેડૂતોને રઝળતા કરી દીધા છે. બુકણા, બાલુત્રી અને દૈયપ પંચાયતના ત્રણ ગામોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. બુકણા ગામના ખેડૂતોએ જિલ્લા વિકાસ અધિકારીને જે લેખિત પત્ર લખ્યો છે, તે તંત્રના ગાલ પર લપડાક સમાન છે. ગામના કુલ 1200 ખેડૂતોમાંથી માત્ર 300 ખેડૂતો જ માંડ ફોર્મ ભરી શક્યા છે. પોર્ટલ સમયસર ન ખુલવું, સર્વર ડાઉન રહેવું અને ઓનલાઈન એન્ટ્રીમાં સર્જાતી અવરોધોને કારણે 900 ખેડૂતો સહાયથી વંચિત રહી ગયા છે. આ ખેડૂતોનો વાંક એટલો જ કે તેઓ સરકારી પોર્ટલના 'ટેકનિકલ એરર' નો સામનો ન કરી શક્યા. તંત્ર જાણે છે કે ખેતી સિઝન પર નિર્ભર છે, તેમ છતાં પોર્ટલની સમયમર્યાદા વધારવામાં આવતી નથી. બાલુત્રી ગામની વાત કરીએ તો, ત્યાંની સીમમાં કેટલાય દિવસો સુધી પાણી ભરાઈ રહેવાથી જમીન અને પાક બંને ધોવાઈ ગયા છે. આ ગામના ખેડૂતોએ અગાઉ પણ તંત્રને જગાડવા માટે ઉપવાસનું શસ્ત્ર ઉઠાવવું પડ્યું હતું. બાલુત્રીના સરપંચે આકરા શબ્દોમાં માંગ કરી છે કે જો બાકી રહી ગયેલા તમામ ખેડૂતોને તાત્કાલિક વળતર નહીં ચૂકવાય, તો ઉગ્ર પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. સરકાર હાઈટેક સુવિધાઓની વાત કરે છે, પણ જ્યારે એક ગરીબ ખેડૂતનું ફોર્મ જ ન ભરાય ત્યારે આ સુવિધાઓ કોના કામની? શું તંત્ર ખરેખર કોઈ મોટી આર્થિક પાયમાલી કે ખેડૂતોના સામૂહિક વિરોધની રાહ જોઈ રહ્યું છે? જો સમય રહેતા પોર્ટલ ફરીથી ખોલીને ન્યાયી પ્રક્રિયા નહીં કરાય, તો આ વિસ્તારના ખેડૂતોનો વિશ્વાસ તંત્ર પરથી કાયમ માટે ઉઠી જશે.




# વાવ-થરાદ કલેક્ટરની સરહદી મુલાકાત: માવસરીમાં સુરક્ષા સમીક્ષા

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના વાવ અને થરાદ વિસ્તારની આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા ગામોની મુલાકાત લઈ જિલ્લા કલેક્ટરે વહીવટી તંત્રની કાર્યક્ષમતાની સમીક્ષા કરી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય સરહદી વિસ્તારના નાગરિકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિનું પૃથ્થકરણ કરવાનો હતો. કલેક્ટરે સરહદી પટ્ટા પરના અંતરિયાળ વિસ્તારોમાં જઈને ભૌગોલિક પરિસ્થિતિ અને ત્યાં રહેતા લોકોની સુવિધાઓ અંગે જાતતપાસ કરી હતી.

આ મુલાકાત દરમિયાન કલેક્ટરે માવસરી પોલીસ સ્ટેશન પહોંચીને વહીવટી કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. પોલીસ મથકના અધિકારીઓ અને સ્ટાફ સાથે યોજાયેલી બેઠકમાં કલેક્ટરે ગુનાખોરી નિયંત્રણ, દારૂબંધીની અમલવારી અને સરહદ પારથી થતી અનિચ્છનીય પ્રવૃત્તિઓ રોકવા માટે લેવાયેલા પગલાઓની સમીક્ષા કરી હતી. કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરહદી વિસ્તાર હોવાને કારણે અહીં પોલીસની ભૂમિકા વધુ સતર્કતા માગી લે તેવી છે. તેમણે પોલીસ સ્ટેશનના રેકોર્ડ્સની ચકાસણી કરી હતી અને પોલીસ કર્મચારીઓને સ્થાનિક જનતા સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો કેળવવા સલાહ આપી હતી જેથી માહિતીનું આદાન-પ્રદાન ઝડપી બની શકે. વધુમાં, કલેક્ટરે સરહદી ગામોના સ્થાનિક પ્રશ્નો, જેવા કે રસ્તા, પાણી અને શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતો અંગે પણ વહીવટી તંત્ર પાસેથી અહેવાલ મેળવ્યો હતો. તેમણે માવસરી પોલીસ સ્ટેશન ખાતે ઉપસ્થિત અધિકારીઓને સુરક્ષા વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની કચાસ ન રહે તે માટે જરૂરી સાધન-સામગ્રી અને ટેકનોલોજીના ઉપયોગ અંગે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાત દ્વારા સરહદી વિસ્તારના વહીવટમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા અને સુરક્ષા એજન્સીઓ તેમજ સિવિલ એડમિનિસ્ટ્રેશન વચ્ચેનું સંકલન વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**રીપોર્ટ વશાભાઈ વાલડીયા**

